Monday
23.02.2026
*Volume :10 *Issue No.226
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત — વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્
KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા ઉત્તર પ્રદેશમાં HCL-Foxconn સેમિકન્ડક્ટર યુનિટના ભૂમિપૂજન સમારોહમાં ભાગ લીધો

ઉત્તર પ્રદેશમાં HCL-Foxconn સેમિકન્ડક્ટર સુવિધાની સ્થાપના ટેકનોલોજીકલ આત્મનિર્ભરતા તરફનું એક પગલું છે, જે વૈશ્વિક ચિપ ઇકોસિસ્ટમમાં ભારતની હાજરીને વેગ આપશેઃ PM

કમલમ્,
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા ઉત્તર પ્રદેશમાં HCL-Foxconn સેમિકન્ડક્ટર યુનિટના ભૂમિપૂજન સમારોહમાં ભાગ લીધો હતો. નવી દિલ્હીમાં યોજાયેલી ગ્લોબલ AI ઈમ્પેક્ટ સમિટના તુરંત બાદ, આ સમારોહ ભારતની વૈશ્વિક સેમિકન્ડક્ટર હબ બનવાની દિશામાં એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ છે. સભાને સંબોધતા, પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત વિકસિત ભારતના લક્ષ્ય તરફ ઝડપથી કામ કરી રહ્યું છે. પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે, "મેં લાલ કિલ્લાની પ્રાચીર પરથી કહ્યું છે કે, ભારત પાસે રોકાવા કે થોભવાનો સમય નથી. ૨૦૨૬ની શરૂઆતથી જ ભારતે પોતાની ગતિ તેજ કરી છે." શ્રી મોદીએ તાજેતરના સીમાચિહ્નો જેવા કે વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ, નેશનલ સ્ટાર્ટઅપ ડે જેણે ભારતમાં સ્ટાર્ટઅપ ક્રાંતિને ઊર્જાવાન બનાવી, અને ઈન્ડિયા એનર્જી સમિટ કે જેના દ્વારા ભારતની તાકાતે વિશ્વનું ધ્યાન ખેંચ્યું તેનો ઉલ્લેખ કર્યો હતો. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે વિકસિત ભારત માટેના બજેટે રાષ્ટ્રની પ્રગતિમાં નવો વેગ આપ્યો છે, જે આ સપ્તાહને ભારત માટે ખરેખર ઐતિહાસિક બનાવે છે. તેમણે હાઈલાઈટ કર્યું કે ગ્લોબલ AI ઈમ્પેક્ટ સમિટમાં, વિશ્વના નેતાઓ, શાસનાધ્યક્ષો અને ટેક દિગ્ગજો ભારતની AI ક્ષમતાઓના સાક્ષી બનવા માટે એકઠા થયા હતા, અને અંતે દેશના વ્યૂહાત્મક વિઝનને માન્યતા આપી અને પ્રશંસા કરી. તેમણે ટિપ્પણી કરી કે AI સમિટના સમાપન બાદ તુરંત જ, રાષ્ટ્ર આજે ભારતની સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમને મજબૂત કરવાના આ વિશાળ કાર્યક્રમ સાથે આગળ વધી રહ્યું છે. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, “ભારત હવે આધુનિક વિશ્વને ચલાવવા માટે જરૂરી પ્રોસેસિંગ પાવર પૂરી પાડવામાં વિશ્વના ટોચના રાષ્ટ્રોની સાથે ઉભા રહેવા માટે પ્રયત્નશીલ છે અને સોફ્ટવેર અને હાર્ડવેર પાસાઓ પર એકસાથે કામ કરી રહ્યું છે.” પ્રધાનમંત્રીએ વર્તમાન દાયકાને ભારતના ટેકેડ (Techade) તરીકેના તેમના વિઝનનો પુનરોચ્ચાર કરતા જણાવ્યું હતું કે ગ્રીન એનર્જી, સ્પેસ ટેક, ડિજિટલ ટેક્નોલોજી અને AI માં રોકાણ 21st સદીની ક્ષમતાનો પાયો બનાવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભારત આજે દરેક એવી ટેકનોલોજીમાં અભૂતપૂર્વ રોકાણ કરી રહ્યું છે જે માનવતાનું ભવિષ્ય નક્કી કરશે અને ભારતમાં આ મજબૂત સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમનો વિકાસ તેનું ઉત્તમ ઉદાહરણ છે. ચિપ્સના વ્યુહાત્મક મહત્વ પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રીએ 21st સદીમાં તેમના મૂલ્યની સરખામણી ૨૦ર સદીના તેલ (ઓઈલ) સાથે કરી હતી. શ્રી મોદીએ નોંધ્યું હતું કે, "કોરોના મહામારી દરમિયાન, વિશ્વએ ચિપ સપ્લાય ચેઈનની નાજુકતા જોઈ. જ્યારે સપ્લાય પર બ્રેક લાગી, ત્યારે વૈશ્વિક અર્થતંત્રો લથડ્યા." તેમણે હાઈલાઈટ કર્યું કે ભારતે તે કટોકટીમાંથી પાઠ શીખીને તેને તકમાં બદલી નાખી અને નક્કી કર્યું કે ભારતે ચિપ ઉત્પાદનમાં આત્મનિર્ભર બનવું જ જોઈએ. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, “આજનો કાર્યક્રમ આ વિઝનનું પ્રતિબિંબ છે.” પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે "મેડ-ઈન-ઈન્ડિયા" ચિપ્સ વિકસિત ભારતની કરોડરજ્જુ છે, જે છેં અને દ્વચ્છી લઈને સંરક્ષણ અને ઈફજ સુધીના મહત્વપૂર્ણ ક્ષેત્રોને શક્તિ આપે છે. આ વિઝનને સમર્થન આપવા માટે, તેમણે 'ચિપ્સ ટુ સ્ટાર્ટઅપ' પહેલ પર પ્રકાશ પાડ્યો, જે ૮૫,૦૦૦ નિષ્ણાતોને તાલીમ આપવા માટે તૈયાર છે, તેની સાથે બજેટ-આધારિત પ્રગતિ જેમ કે સેમિકન્ડક્ટર મિશનનો બીજો તબક્કો અને એન્ડ-ટુ-એન્ડ R&D અને ઉત્પાદન સપોર્ટ માટે રેર અર્થ કોરિડોરની સ્થાપનાનો સમાવેશ થાય છે. ઉત્તર પ્રદેશના સંસદસભ્ય તરીકે, પ્રધાનમંત્રીએ રાજ્યના પરિવર્તન પર ભારે ગર્વ વ્યક્ત કર્યો હતો. શ્રી મોદીએ નોંધ્યું હતું કે, " સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ માટે એક મુખ્ય કેન્દ્ર બની રહ્યું છે, જે આ પ્રદેશમાં ડિઝાઈન હાઉસ, R&D કેન્દ્રો અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ લાવશે, જે યુવાનો માટે રોજગારીની વિશાળ તકો ઊભી કરશે.” પ્રધાનમંત્રીએ રેખાંકિત કર્યું કે છેલ્લા ૧૧ વર્ષમાં, ભારતે તેના ઔદ્યોગિક લેન્ડસ્કેપમાં મોટું પરિવર્તન જોયું છે, જેમાં ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનમાં છ ગણો વધારો થયો છે. તેમણે ઉમેર્યું હતું કે, “આ વૃદ્ધિ મોબાઈલ ક્રાંતિમાં સૌથી વધુ સ્પષ્ટ છે, જ્યાં સ્થાનિક ઉત્પાદનમાં ૨૮ ગણો વધારો થયો છે અને નિકાસમાં આશ્ચર્યજનક રીતે ૧૦૦ ગણો ઉછાળો આવ્યો છે.” શ્રી મોદીએ ટિપ્પણી કરી કે ઉત્તર પ્રદેશ આ સફળતાની ગાથામાં એક પાવરહાઉસ અને મજબૂત સ્તંભ તરીકે ઉભરી આવ્યું છે, જે હાલમાં દેશમાં ઉત્પાદિત તમામ મોબાઈલ ફોનમાં અડધાથી વધુ હિસ્સો ધરાવે છે. આ પરિવર્તન ભારતની વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ હબ બનવાની દિશામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. પ્રધાનમંત્રીએ એક સમયે ગુનાખોરી અને સ્થળાંતર સાથે સંકળાયેલા રાજ્યમાંથી એક્સપ્રેસવે, સંરક્ષણ કોરિડોર અને જેવર ઈન્ટરનેશનલ એરપોર્ટ તથા ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર જેવા વિશ્વ કક્ષાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે જાણીતા રાજ્ય તરીકે ઉત્તર પ્રદેશની ઓળખ બદલવા બદલ "ડબલ-એન્જિન સરકાર" ને શ્રેય આપ્યો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું, "વૈશ્વિક રોકાણકારો માં આવી રહ્યા છે કારણ કે તેઓ જાણે છે કે તેમના રોકાણને શાનદાર વળતરની ગેરંટી છે." શ્રી મોદીએ એવી પણ જાહેરાત કરી હતી કે તેઓ આવતીકાલે દિલ્હી-મેરઠ નમો ભારત ટ્રેન કોરિડોરનું ઉદ્ઘાટન કરશે, જે આ ક્ષેત્રની કનેક્ટિવિટીને વધુ વેગ આપશે. સંબોધનના અંતમાં, પ્રધાનમંત્રીએ HCL Technologies ના ચેરપર્સન રોશની નાદર અને Foxconn Semiconductor Business Group ના પ્રેસિડેન્ટ બોબ ચેનનો તેમની ભાગીદારી બદલ આભાર માન્યો હતો. તેમણે નોંધ્યું હતું કે ફોક્સકોનની હાજરી વૈશ્વિક સંદેશ આપે છે: "લોકશાહી ભારત એક વિશ્વસનીય ભાગીદાર છે. મૂલ્ય શૃંખલામાં આપણી ભાગીદારી તેની સ્થિતિસ્થાપકતામાં વધારો કરે છે, જે ભારત અને વિશ્વ માટે વિન-વિન (બંને માટે ફાયદાકારક) સ્થિતિ છે."

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય જલશકિત મંત્રીશ્રી સી.આર. પાટીલ સાથે સુરતમાં વડાપ્રધાનશ્રીનો ‘મન કી બાત’ કાર્યક્રમ નિહાળ્યો

જેમ આપણે ઋતુ પ્રમાણે ખાનપાન અને પહેરવેશ બદલીએ છીએ, તેમ આપણા ગુપ્ત પાસવર્ડ પણ સમયાંતરે બદલવાની ટેવ પાડવી જોઈએઃ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી

વડાપ્રધાનશ્રીએ મન કી બાતમાં ડિજિટલ ફ્રોડથી સાવધ રહેવા અને અંગદાનની મહત્તા સમજાવીઃ અંગદાનના પ્રેરક પ્રસંગો વર્ણવ્યા

કમલમ્,
મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સુરત ખાતે પુસ્તક મેળાના ઉદ્ઘાટન બાદ કેન્દ્રીય જલશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલ તથા અન્ય મહાનુભાવો અને શહેરીજનો સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ‘મન કી બાત’ શ્રેણીનો ૧૩૧ મો મણકો નિહાળ્યો હતો. વડાપ્રધાનશ્રીએ દિલ્હીમાં યોજાયેલી વિશ્વની સૌથી મોટી AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) ઈમ્પેક્ટ સમિટનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. આ ઉપરાંત ક્રિકેટમાં ભારતીય મૂળના ખેલાડીઓ જે અન્ય દેશોનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે, તેમની સિદ્ધિઓને બિરદાવી તેને દેશ માટે ગૌરવપ્રદ બાબત ગણાવી હતી. તાજેતરમાં અવસાન પામેલા માસૂમ આદિલ અબ્રાહમનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું કે, આદિલ સૌથી નાની વયનો 'ઓર્ગન ડોનર' બનીને અન્ય માટે નવજીવનનું નિમિત્ત બન્યો છે.

વડાપ્રધાનશ્રીએ ગુલામીની માનસિકતા ત્યાગી દેશની મેડિકલ ઉત્ક્રાંતિ અને લંગ ટ્રાન્સપ્લાન્ટ (ફેફસાનું પ્રત્યારોપણ) જેવા જટિલ ઓપરેશન્સ, અંગદાન ભારતમાં સફળતાપૂર્વક થઈ રહ્યા હોવાના ઉદાહરણો ટાંક્યા હતા. દેશમાં વધી રહેલા ‘ડિજિટલ એરેસ્ટ’ અને ‘ફાઈનાન્સિયલ ફ્રોડ’- નાણાકીય છેતરપિંડી અંગે ચિંતા વ્યક્ત કરતા વડાપ્રધાનશ્રીએ નાગરિકોને સતર્ક રહેવા અપીલ કરી હતી. વડાપ્રધાનશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, નાગરિકોએ બેંકના સત્તાવાર માધ્યમો દ્વારા કે.વાય.સી. (KYC) અપડેટ રાખીને પોતાનું એકાઉન્ટ સુરક્ષિત રાખવું જોઈએ અને કોઈપણ અજાણી લિંક કે કોલથી સાવધ રહેવું જોઈએ.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાતે ઈંગલેન્ડના વેસ્ટમિડલેન્ડનું ડેલિગેશન

ઇન્ડીયા-યુ.કે. ટ્રેડ ડીલ પછીની પ્રથમ ગુજરાત મુલાકાત

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દુનિયાના દેશો માટે ભારત વિશ્વાસુ મિત્ર તરીક ઉભરી આવ્યું છે – મુખ્યમંત્રીશ્રી

હાયર એજ્યુકેશન-ગ્રીન ઇકોનોમી અને ઈફ- સ્કીલ ડેવલોપમેન્ટ- સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર-એ.આઈ.- એડવાન્સ મેન્યુફેક્ચરીંગ જેવા વિવિધ ક્ષેત્રોમાં સહયોગની તત્પરતા દર્શાવી સહયોગના ક્ષેત્રોમાં વધુ સંકલન માટે ગુજરાત-વેસ્ટ મિડલેન્ડની જોઈન્ટ વર્કીંગ ગ્રુપની રચના કરાશે

કમલમ્,
મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત ઈંગ્લેન્ડના વેસ્ટ મિડલેન્ડ કમબાઈન્ડ ઓથોરીટીના વેસ્ટ મિડલેન્ડના મેયરશ્રી રિચાર્ડ પાર્કર અને હાઈલેવલ ડેલીગેશને ગાંધીનગરમાં લીધી હતી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થયેલી યુ.કે.-ઈન્ડીયા ટ્રેડ ડિલ પછી આ ડેલિગેશન પ્રથમવાર ગુજરાત મુલાકાતે આવ્યું છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સાથેની આ મુલાકાત દરમિયાન ડેલિગેશનના સભ્યોએ ખાસ કરીને હાયર એજ્યુકેશન-ગ્રીન ઈકોનોમી અને ઈફ, સ્કીલ ડેવલોપમેન્ટ, એ.આઈ., એડવાન્સ મેન્યુફેક્ચરીંગ જેવા વિવિધ ક્ષેત્રોમાં સહયોગની તત્પરતા વ્યક્ત કરી હતી. ગુજરાતમાં ૨૦૩૦માં યોજનારી કોમનવેલ્થ ગેમ્સ માટે સ્પોર્ટ્સ ઈકોસીસ્ટમ અને સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રકચરના નિર્માણમાં યુ.કે. તજજ્ઞતાનું યોગદાન આપવા અંગે તેમણે મુખ્યમંત્રીશ્રી સાથે ફળદાયી ચર્ચાઓ કરી હતી. એટલું જ નહીં આ ગેમ્સના આયોજન સંદર્ભ મુખ્યમંત્રીશ્રી અને ગુજરાતના ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ મંડળને વેસ્ટ મિડલેન્ડની મુલાકાતે આવવાનું આમંત્રણ પાઠવ્યું હતું. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ બેઠકમાં કહ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિશ્વના દેશો માટે ભારત વિશ્વાસુ મિત્ર તરીકે ઉભરી આવ્યું છે. ગુજરાતને તેમના નેતૃત્વનો જે લાભ મળ્યો છે તેની ભૂમિકા આપતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે ૨૦૦૩ની વાયબ્રન્ટ સમિટથી ગુજરાત ગ્લોબલ ડેસ્ટીનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ બન્યું છે અને તેમના દિશા દર્શનમાં ગુજરાતે પોલિસી ડ્રીવન સ્ટેટ તરીકે વિવિધ પોલિસીઝ મેકીંગથી સેક્ટર સ્પેસીફિક ગ્રોથનું વિઝન અપનાવ્યું છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે વિકસિત ભારત ૨૦૪૭ના વડાપ્રધાનશ્રીના લક્ષ્યમાં પણ ગુજરાત ગ્રીન ગ્રોથ સહિતના ઉભરતાં ક્ષેત્રોથી લીડ લેવા સજ્જ છે. યુ.કે.ને સહભાગીતાના આવા જે ક્ષેત્રોમાં રસ હોય તેમાં ગુજરાત સરકાર સંપૂર્ણ સહકાર આપવા ઉત્સુક છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આવા સેકટર્સ એક્સપ્લોર કરવા અને પરસ્પર વિકાસની સંભાવનાઓને ગતિ આપવા ગુજરાત સરકાર અને વેસ્ટમિડલેન્ડના અધિકારીઓની એક જોઈન્ટ વર્કીંગ ગ્રુપ બનાવવા તથા એ માટેના સંપર્ક સૂત્ર તરીકે ઈન્ડેક્સ-બીને નોડલ એજન્સી નિયુક્ત કરવાનું સૂચન કર્યું હતું. વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટની આગામી કડી તથા ૨૦૨૭ના વાઈબ્રન્ટ સમિટમાં જોડાવાનું આમંત્રણ પણ મુખ્યમંત્રીશ્રીએ આ ડેલિગેશનને આપ્યું હતું. આ હાઈ લેવલ ડેલિગેશનમાં વેસ્ટમિડલેન્ડ ગ્રોથ કંપનીના CEO શ્રી નેઈલ રામી, E. ON એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીના ચીફ કોમર્શીયલ ઓફિસર શ્રી વિજયટાંક, યુનિવર્સીટી ઓફ વોર્વીક ઈનોવેશન ડિસ્ટ્રીક્ટના શ્રી ગ્રેગ ક્લાર્ક, બર્મીંગહામ યુનિવર્સીટીના વાઈસ ચાન્સેલર શ્રી ડેવિડ, જી.ઈ.ડી.યુ ના મેનેજીંગ ડિરેક્ટર કેવિન મેકકોલે, એસ્ટન યુનિવર્સીટીના ચીફ કોમર્શીયલ ઓફિસર, યુનિવર્સીટીના ડેપ્યુટી પ્રો-વાઈસ ચાન્સેલર માર્ક લી, UKIFF ઈન્ડીયા ગ્લોબલ ફોરમના વિલિયમ ક્રેન તથા મનોજ લાડવા જોડાયા હતા. આ સૌજન્ય મુલાકાત વેળાએ ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતિ મમતા વર્મા, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, ઉદ્યોગ કમિશ્નરશ્રી પી.સ્વરૂપ, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી ડો. વિક્રાંત પાંડે તેમજ ઈન્ડેક્ષબીના એમ.ડી. કેયૂર સંપટ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

સુરતના વેસુ ખાતે આચાર્ય ભગવંત વિજય યશોવર્મસૂરીશ્વરજી મહારાજના ગચ્છાધિપતિ પદપ્રદાન સમારોહમાં સહભાગી બનતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

આચાયશ્રી યશોવર્મજીએ બાળકો, યુવાઓ અને પરિવારો માટે અનેક શિબિરો યોજી સમાજસેવા અને સમાજ સુધારણાનું શ્રેષ્ઠ કાર્ય કર્યુ છેઃ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

સંયમિત જીવનને સાચા અને કાયમી સુખનું સરનામું ગણાવી સૌ કોઈને જીવનમાં વિરલ સુખ અને શાંતિ માટે ધર્મ સાથે જોડાયેલા રહેવા આહ્વાન કરતા મુખ્યમંત્રીશ્રી

કમલમ્, સુરત
મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સુરતના વેસુ સ્થિત બલર ફાર્મ ખાતે યોજાયેલા આચાર્ય ભગવંત વિજય યશોવર્મ સુરીશ્વરજી મહારાજના ગચ્છાધિપતિ પદપ્રદાન સમારોહમાં સહભાગી થઈ નૂતન ગચ્છાધિપતિના આશિર્વાદ મેળવ્યા હતા. આ વેળાએ નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી અને કેન્દ્રીય જળશકિત મંત્રીશ્રી સી.આર.પાટીલની વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જાહેરજીવનમાં ઘણા પ્રસંગોમાં જવાનું બનતું હોય છે, પરંતુ આત્મસુખ મળે એવા પ્રસંગો પૈકીનો આ પ્રસંગમાં આવી અનેરા આત્મસુખની અનુભૂતિ થાય છે. પ્રસંગોમાં સાક્ષીભાવે હાજરી હોય પરંતુ કયો ભાવ હૃદયને સ્પર્શી જાય એ અકળ છે, જેની અનૂભૂતિ જ કરી શકાય એમ છે. મુખ્યમંત્રીશ્રીએ જૈનાચાર્ય યશોવર્મસુરીશ્વર મહારાજ દ્વારા કરવા આવેલા કામોની સહર્ષ નોંધ લઈ ૬૩ વર્ષના તેમના સફળ દીક્ષાપર્યાયને સમગ્ર માનવ સમાજ માટે પ્રેરણાદાયી ગણાવી સમાજને સુસંસ્કૃત કરવા તેમણે આપેલા યોગદાનની સરાહના કરી હતી. વર્ષ ૧૯૬૫માં નાની વયે દીક્ષા લઈને આચાયશ્રીએ દેશના ખૂણેખૂણામાં પરિભ્રમણ કરી અનેક લોકોએને પરિવારોનું કલ્યાણ કરવાની સાથે ખરા અર્થમાં તેઓના પથદર્શક બનવાનું ઉત્તમ કાર્ય કર્યું હોવાનું મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુ હતું. બાળકો, યુવાઓ અને પરિવારો માટે અનેક શિબિરો યોજી સમાજસેવા અને સમાજ સુધારણાનું શ્રેષ્ઠ કાર્ય કર્યુંછે એમ જણાવી તેમણે અહીં કંઈક આપવા માટે નહીં પરંતુ જીવનનું અમૂલ્ય ભાથું લેવા માટે આવ્યા હોવાનું જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આપણે સૌ ભૌતિક સુખની પાછળ દોટ મુકીએ છીએ. જીવનનું સાચું સુખ તો સાધુત્વમાં રહેલું છે. રાજયના તમામ નાગરિકો સુખ, શાંતિ અને સમૃદ્ધિ મેળવી મોક્ષ પામવા તરફ પ્રશસ્ત થાય એવા આચાયશ્રીના આશીર્વાદની કામના કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ સંયમિત જીવનને સુખનું સાચું અને કાયમી સરનામું ગણાવી સૌ કોઈને જીવનમાં સાચું સુખ અને શાંતિ મેળવવા ધર્મ સાથે જોડાયેલા રહેવાની શીખ આપી હતી. નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, સુરતની પાવન ભૂમિ પર હજારો લોકોને જૈનાચાર્ય અભયદેવસૂરી અને વિજય યશોવર્મસૂરીશ્વરજીનો લાભ મળી રહ્યો છે. બન્ને આચાર્યોની નિશ્રામાં લોકજીવનમાં હકારાત્મક બદલાવ આવ્યા છે અને માત્ર જૈન સમાજ જ નહીં, અન્યો સમાજોને પણ નવી દિશા ચીંધવાનું ક્રમ કર્યુંછે. આચાર્ય યશોવર્મ સૂરીશ્વરજી દ્વારા યુવાઓ અને બાળકોને તેમની શિબિરો થકી ધર્મ અને સમાજ સાથે સાંકળવા અને જ્ઞાન સાથે સંસ્કાર આપવાના ભગીરથ યોગદાનની સરાહના કરી હતી. નાયબ મુખ્યમંત્રીશ્રીએ યશોવર્મ સુરિશ્વર મહારાજના ગચ્છાધિપતિ પદપ્રદાન કાર્યક્રમનું યજમાનપદ સુરતને આપવા બદલ તેમણે ધન્યતાની લાગણી વ્યક્ત કરી આભાર વ્યકત કર્યો હતો. આ પદપ્રદાન કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રીએ ગચ્છાધિપતિ તરીકે પદગ્રહણ કરી

આચાર્ય યશોવર્મ સુરીશ્વરજીના જીવન ચરિત્ર પર આધારિત પુસ્તક ‘શ્રદ્ધેય ગુરૂદેવશ્રી’નું વિમોચન કરતા મુખ્યમંત્રી અને મહાનુભાવો

નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી અને કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી. આર. પાટીલની પ્રેરક ઉપસ્થિતિ

રહેલા નૂતન ગચ્છાધિપતિના ભાલે વિજય તિલક કરી શુભકામનાઓ પાઠવી હતી. પૂર્વ ગચ્છાધિપતિ અભયદેવસુરીશ્વર મહારાજે નૂતન ગચ્છાધિપતિના કાનમાં મંત્ર ઉચ્ચારણ કરી સંપૂર્ણ વિધિ વિધાનપૂર્વક નૂતન ગચ્છાધિપતિને પદપ્રદાન કર્યુ હતું. મુખ્યમંત્રીશ્રી અને અન્ય મહાનુભાવોએ યશોવર્મ સુરિશ્વર મહારાજના જીવનચરિત્રને આલેખતા “શ્રદ્ધેય ગુરૂદેવશ્રી” પુસ્તકનું વિમોચન કર્યુ હતું. આ પ્રસંગે મહારાષ્ટ્ર સરકારના મંત્રી મંગલપ્રભાત લોઢા, ધારાસભ્યશ્રીઓ મનુભાઈ પટેલ, સંદીપભાઈ દેસાઈ, સંગીતાબેન પાટીલ, મેયરશ્રી દક્ષેશ માવાણી, જિલ્લા કલેકટરશ્રી સૌરભ પારધી, મ્યુ.કમિશનરશ્રી એમ. નાગરાજન, પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલોત, સ્થાયી ચેરમેન રાજન પટેલ, શહેર સંગઠન પ્રમુખ પરેશ પટેલ સહિત અનેક પદાધિકારી, અધિકારી, જૈનમુનિઓ, સાધુભગવંતો અને મોટી સંખ્યામાં જૈનશ્રાવકો ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ (૨૧ ફેબ્રુઆરી ૨૦૨૬) ના અવસરપર, માનનીય ઉપરાષ્ટ્રપતિ શ્રી સી. પી. રાધાકૃષ્ણને ઉપરાષ્ટ્રપતિ એન્ક્લેવ ખાતે આયોજિત એક કાર્યક્રમમાં ભારતના બંધારણની ગુજરાતી અનેતમિલ ભાષાઓમાં અદ્યતન આવૃત્તિ અને નવીનતમ કાનૂની ગ્લોસરી (અંગ્રેજી-હિન્દી)નું વિમોચન કર્યું હતું. આ કાર્યક્રમે રાષ્ટ્રના પાયાના દસ્તાવેજનેતેની અદ્યતન આવૃત્તિમાં વધુ પ્રાદેશિક ભાષાઓમાં સુલભ બનાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું ચિહ્નિત કર્યું છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આ પ્રસંગે તેમના સંદેશમાં, જે વાંચી સંભળાવવામાં આવ્યો હતો, નાગરિકો માટે બંધારણ અને કાયદાઓની પહોંચ સરળ બનાવતી વખતે ભાષાકીય સર્વસમાવેશકતાના મહત્વને સ્વીકાર્યું હતું. તેમણે ગુજરાતી અને તમિલ ભાષાઓમાં બંધારણની અદ્યતન આવૃત્તિ અને સરળહિન્દી શબ્દોનો ઉપયોગ કરીનેનવીનતમ કાનૂની ગ્લોસરી (અંગ્રેજી-હિન્દી) બહાર પાડવા બદલ કાયદાકીય વિભાગના પ્રયાસોની પ્રશંસા કરી હતી. માનનીય કાયદા અને ન્યાય રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) શ્રી અર્જુન રામ મેઘવાલે વિભાગના કાર્યની પ્રશંસા કરી હતી અને આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની પૃષ્ઠભૂમિ પર પ્રકાશ પાડ્યો હતો, જેમાં ૧૯૫૨ માં તત્કાલીન પૂર્વપાકિસ્તાનના ઉર્દૂ લાદવા સામે બંગાળી ભાષાના રક્ષણ માટેના સંઘર્ષને યાદ કર્યો હતો. તેમણે યુનેસ્કો પ્રસ્તાવ, યુએન જનરલ એસેમ્બલી પ્રસ્તાવ અને વર્ષ ૨૦૦૮ ને આંતરરાષ્ટ્રીય ભાષા વર્ષ તરીકે જાહેર કરવાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે ૨૫ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ માનનીય રાષ્ટ્રપતિ દ્વારા બંધારણની સંથાલી આવૃત્તિની પ્રથમ આવૃત્તિના વિમોચન અને આ પહેલ માટે તેમની પ્રશંસાને યાદ કરી હતી. લેજિસ્લેટિવ ડિપાર્ટમેન્ટ (કાયદાકીય વિભાગ) ના સચિવ ડૉ. રાજીવ મણીએ કાનૂની ગ્લોસરી (અંગ્રેજી-હિન્દી) ની ૮૨ આવૃત્તિની સાથે ગુજરાતી અનેતમિલ ભાષાઓમાં બંધારણ બહાર પાડવા માટે વિભાગના પ્રયાસો વિશે વિગતવાર માહિતી આપી હતી. તેમણે તે ભાષાઓની યાદી આપી જેમાં બંધારણનો અનુવાદ અને અપડેટ કરવામાં આવ્યું છે, જેમાં સંથાલીનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. તેમણે પ્રાદેશિક ભાષા એકમ અને સત્તાવાર ભાષા પાંખ તથા કાયદાકીય વિભાગના અધિકારીઓના યોગદાનની પ્રશંસા કરી હતી.

ગુજરાત પાસે ટૂંક સમયમાં હશે સર્પદંશથી થતા મૃત્યુને ઘટાડવા માટે સ્થાનિક સાપોના ઝેરમાંથી બનેલું એન્ટિવેનમ

ગુજરાત સરકાર દ્વારા ધમરપુર ખાતે સ્થાપિત સ્નેક રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા તાજેતરમાં થઈ સાપોનાં ઝેરની હરાજી, જેમાં ઝેરની ઉચ્ચ ગુણવત્તાને કારણે અપેક્ષા કરતાં વધુ કિંમત મળી



કમલમ, ગાંધીનગર,

ગુજરાત રાજ્યમાં સર્પદંશથી થતા માનવ મૃત્યુને ઘટાડવા માટે ગુજરાત સરકાર પાસે ટૂંક સમયમાં રાજ્યમાં જોવા મળતા ઝેરી સાપોમાંથી જ બનાવેલું એન્ટિવેનમ ઉપલબ્ધ થશે. સર્પદંશથી થતા માનવ મૃત્યુઓને ઘટાડવા માટે આ પગલું અસરકારક સાબિત થશે. ઉલ્લેખનીય છે કે, દક્ષિણ ગુજરાતમાં આવેલા વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે ગુજરાત સરકારે સ્નેક રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (SRI) નામની સંસ્થા સ્થાપી છે. ધરમપુર સ્થિત આ સંસ્થામાં ગુજરાતના વિવિધ વિસ્તારોમાં જોવા મળતા ઝેરી સાપોનેલાવવામાં આવે છે. હાલમાં, અંદાજે ૪૬૦ ઝેરી સાપો અહીં રાખવામાં આવ્યા છે. સાપોની સંભાળ અને ઝેર કાઢવાની પ્રક્રિયામાં વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ની માર્ગદર્શિકાનું પાલન કરવામાં આવે છે. આધુનિક ટેક્નોલોજી દ્વારા સાપમાંથી કાઢવામાં આવેલા ઝેરની પ્રક્રિયા કરીને પાવડર સ્વરૂપમાં રૂપાંતરિત કરવામાં આવે છે. આ પાવડરની હરાજી કરી લાયસન્સ ધરાવતા એન્ટિવેનમ બનાવતા ઉત્પાદકોને આપવામાં આવશે. આ ઉત્પાદકો તેમાંથી જે એન્ટિવેનમ બનાવશે તેને ગુજરાત સરકાર ખરીદી લેશે અને ગુજરાતની વિવિધ હોસ્પિટલોને સર્પદંશની સારવાર માટે એન્ટિવેનમ પુરું પાડશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યમાં સર્પદંશથી થતા માનવ મૃત્યુને અટકાવવા સઘન પગલા લેવામાં આવી રહ્યા છે અને આ માટે ગુજરાતમાં જોવા મળતા ઝેરી સાપોમાંથી જ મેળવેલા ઝેરમાંથી એન્ટીવેનમ બનાવવાનું મહત્વનું કામ પ્રગતિમાં છે.

સર્પ સંશોધન કેન્દ્ર દ્વારા તાજેતરમાં થઈ ઝેરની ઇ-હરાજી

આ સર્પ સંશોધન કેન્દ્રએ તાજેતરમાં ગુજરાતમાં જોવા મળતી ચાર મુખ્ય ઝેરી સાપની પ્રજાતિઓ—ઈન્ડિયન કોબ્રા, કોમન ક્રેટ, રસેલ્સ વાયપર અને સૉ-સ્કેલ્ડ વાયપર—ના લાયોફિલાઈઝ્ડ (પાવડર સ્વરૂપમાં) ઝેરની ઈ-હરાજી કરી હતી. આ હરાજીમાં લાયસન્સ ધરાવતા એન્ટિવેનમ બનાવતા ઉત્પાદકોએ ભાગ લીધો હતો. આ સંસ્થામાં રાખવામાં અને સાચવવામાં આવેલા ઝેરી સાપોમાંથી કાઢેલા ઝેરની ગુણવત્તા એટલી સારી હતી કે, આ ઝેર માટે ધાર્યા કરતા પણ ઉંચી કિંમત મળી. સર્પ સંશોધન કેન્દ્રનાં એક ઉચ્ચ અધિકારીએ માહિતી આપતા જણાવ્યું કે, 'ઈન્ડિયન કોબ્રાના ઝેર માટે પ્રતિ ગ્રામ ૪૦,૦૦૦ની બેઝ પ્રાઈસ (આધાર કિંમત) નક્કી કરવામાં આવી હતી, પરંતુ અમને પ્રતિ ગ્રામ ૪૪,૦૦૦ મળ્યા. સૉ-સ્કેલ્ડ વાયપરના ઝેર માટે પ્રતિ ગ્રામ રૂ. ૫૦,૦૦૦ની આધાર કિંમત સામે ૫૬,૫૦૦ મળ્યા. અન્ય પ્રજાતિઓ માટે પણ સારો પ્રતિસાદ મળ્યો અને ઉંચી કિંમત મળી." સર્પ સંશોધન કેન્દ્રના ઉપાધ્યક્ષ ડૉ. ડી.સી. પટેલે જણાવ્યું કે, "સર્પદંશની સારવારમાં મુખ્ય પડકાર એ છે કે સાપનું ઝેર પ્રદેશ પ્રમાણે બદલાય છે. દૂરનાં પ્રદેશના ઝેરથી બનાવેલું એન્ટિવેનમ ઘણી વખત ઓછું અસરકારક સાબિત થાય છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે ગુજરાત સરકારે સર્પ સંશોધન કેન્દ્રની સ્થાપના કરી છે અને અહીં ગુજરાતમાં જોવા મળતી ઝેરી સાપની પ્રજાતિઓમાંથી ઝેર એકત્રિત કરીને એન્ટિવેનમ તૈયાર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. અમને આશા છે કે, ગુજરાતમાંથી પકડેલા સાપનાં ઝેરમાંથી બનેલા એન્ટિવેનમ સર્પદંશની સારવારમાં વધુ અસરકારક નીવડશે." ડૉ. ડી. સી. પટેલ જનરલ સર્જન છે, અને સર્પદંશની સારવારમાં તેમનું મહત્વનું યોગદાન છે. તેઓ ધરમપુરમાં હોસ્પિટલ ચલાવે છે અને સર્પદંશની સારવારમાં ૯૮ ટકાથી વધુ સફળતા દર સાથે સાપદંશ પીડિતોની સારવાર કરે છે. છેલ્લા ૩૫ વર્ષથી તેઓએ સંભાળેલા દરેક સાપદંશ કેસનું દસ્તાવેજીકરણ પણ કરવામાં આવે છે. ડૉ. પટેલે વધુમાં જણાવ્યું કે, "અહીં રાખવામાં આવેલા સાપોમાંથી મેળવવામાં આવતું ઝેર ઉચ્ચ ગુણવત્તાનું છે કારણ કે સંસ્થા WHOની માર્ગદર્શિકા અનુસરે છે. સંસ્થા દ્વારા પૂરા પાડેલા ઝેર પરથી તૈયાર કરાયેલ એન્ટિવેનમ ઉપલબ્ધ થતાં રાજ્યમાં સર્પદંશ સંબંધિત મૃત્યુઓમાં ઘટાડો થવાની આશા છે."

સર્પ સંશોધન કેન્દ્રને આગામી સમયમાં વિશ્વ કક્ષાની સંસ્થા બનાવવાનું આયોજન

સ્નેક રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (SRI) ગાંધીનગર સ્થિત ગુજરાત ફોરેસ્ટ્રી રિસર્ચ ફાઉન્ડેશન (GFRF)નાં તાબા હેઠળ કાર્ય કરે છે. GFRF ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ હેઠળની સ્વાયત્ત સંસ્થા છે. રાજ્યમાં સાપદંશ સંબંધિત મૃત્યુઓ ઘટાડવા માટે સંશોધન, તાલીમ અને જનજાગૃતિ ક્ષેત્રે સર્પ સંશોધન કેન્દ્ર મહત્વપૂર્ણ કામ કરે છે. સર્પ સંશોધન કેન્દ્રને આગામી સમયમાં વિશ્વ કક્ષાનું બનાવવા માટેની યોજના ઘડાઈ ચૂકી છે. વલસાડ કલેક્ટર દ્વારા આ સંસ્થાનું કાયમી કેમ્પસ બનાવવા અને તેને સંબધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવા માટે ૨.૨૫ હેક્ટર જમીન ફાળવવામાં આવી છે. આ સંસ્થાને વર્લ્ડ-ક્લાસ કેન્દ્ર તરીકે વિકસાવવા માટે ૧૧.૬૮ કરોડનો પ્રસ્તાવ ગુજરાત સરકાર સમક્ષ રજૂ કરવામાં આવ્યો છે. દેશમાં એન્ટિવેનમ બનાવવા માટે સાપમાંથી ઝેર કાઢવાની પ્રવૃતિ હાલ તમિલનાડુ સ્થિત ઈરુળા સ્નેક કેચર્સ ઈન્ડસ્ટ્રિયલ કો-ઓપરેટિવ સોસાયટી લિં. કરે છે. ધરમપુર સ્થિત સર્પ સંશોધન કેન્દ્ર હવે આ કામ કરતી દેશની બીજી સંસ્થા બની છે.

ભારત સર્પદંશ એન્વેનોમિંગ માટે રાષ્ટ્રીય કાર્યયોજના ધરાવતો વિશ્વનો પ્રથમ દેશ

ભારત સર્પદંશ એન્વેનોમિંગ માટે રાષ્ટ્રીય કાર્યયોજના ધરાવતો વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે માર્ચ ૨૦૨૪માં 'નેશનલ એક્શન પ્લાન ફોર પ્રિવેન્શન એન્ડ કન્ટ્રોલ ઓફ સ્નેકબાઈટ એન્વેનોમિંગ (NAP-SE)' નો કાર્યક્રમ લોન્ચ કર્યો હતો. આ વ્યાપક માળખું રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોને પોતાની કાર્યયોજનાઓ બનાવવા માર્ગદર્શન આપે છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ એ છે કે, વર્ષ ૨૦૩૦ સુધીમાં સર્પદંશથી થતા માનવ મૃત્યુ અને અપંગતા ૫૦ ટકા સુધી ઘટાડો કરવાનો છે., ગુજરાતની સ્નેક રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (SRI) આ લક્ષ્ય હાંસલ કરવા તરફનું મહત્વપૂર્ણ પગલું છે.

સાપદંશ સારવાર માટે ડોક્ટરોને તાલીમ

સર્પ સંશોધન કેન્દ્ર લોકોમાં સર્પદંશ વિશે જાગૃતિ લાવવાનું કામ પણ કરે છે. અત્યાર સુધીમાં લગભગ ૩૦૦થી વધુ સ્થાનિક સાપ રેસ્ક્યુઅર્સ અને ૨ ૩ જિલ્લાઓમાં ૧,૪૯૫થી વધુ ડૉકટરો અને મેડિકલ ઓફિસરોને સર્પદંશ વ્યવસ્થાપન અંગે તાલીમ આપવામાં આવી છે. આ પ્રયાસો ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં તાત્કાલિક રિસ્પોન્સ અને સારવારના પરિણામોમાં સુધારો લાવી રહ્યા છે. સર્પ સંશોધન કેન્દ્ર (ધરમપુર) જાગૃતિનાં કાર્યક્રમો ચલાવે છે. શિક્ષકોને તાલીમ આપે છે અને સ્થાનિક પંચાયતો સાથે મળીને સાપ અંગેની અંધશ્રદ્ધા દૂર કરવા તથા સુરક્ષિત પદ્ધતિઓ પ્રોત્સાહિત કરવા કામ કરે છે. સંસ્થાએ 'સ્નેક્સ ઓફ વલસાડ' નામની ફોટોગ્રાફિક ફિલ્ડ ગાઈડ પ્રકાશિત કરી છે અને આ સંદર્ભે એક દસ્તાવેજી ફિલ્મ પણ તૈયાર કરી છે.

નમોત્સવ કાર્યક્રમ સુરજભાઈ વસાવાની અદયક્ષાતામાં યોજાયો

કમલમ,

તાપી જિલ્લા નાગરિક સમિતિ દ્વારા સાહિત્યકાર શ્રી સાંઈરામ દવેજીની ઉપસ્થિતિમાં સોનગઢ ખાતે ગૌશાળા બાજુનાં મેદાનમાં યોજાનાર 'નમોત્સવ' કાર્યક્રમને ભવ્ય, સફળ અને સુવ્યવસ્થિત બનાવવા માટે આયોજન સમિતિની બેઠક શ્રી સુરજભાઈ વસાવાની અધ્યક્ષતામાં યોજાઈ હતી. બેઠક દરમિયાન કાર્યક્રમની સંપૂર્ણ રૂપરેખા, વ્યવસ્થાઓ, સુરક્ષા વ્યવસ્થા તેમજ જનસહભાગિતાને લઈને વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના પ્રેરણાદાયી જીવનપ્રવાસ અને સંઘર્ષમય જીવનગાથાનું રસપ્રદ અને પ્રભાવશાળી વર્ણન રજૂ કરવામાં આવશે. કાર્યક્રમ દરમિયાન શ્રોતાઓ અને નાગરિકોને શ્રેષ્ઠ અનુભવ મળે તે માટે જરૂરી તમામ સૂચનો અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. 'નમોત્સવ' કાર્યક્રમ ભવ્ય, શિસ્તબદ્ધ અને યાદગાર બને તે માટે આયોજન સમિતિ તથા ટીમ દ્વારા સંપૂર્ણ સમર્પણ સાથે તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી છે. સ્થાનિક નાગરિકો, કાર્યકરો અને યુવાનોને મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવવાની અપીલ કરવામાં આવી છે.

મહાગુજરાત આંદોલનના પ્રણેતા ઈન્દુલાલ યાજ્ઞિકની ૧૩૪મી જન્મજયંતી

ગુજરાત વિધાનસભા ખાતે વિધાનસભાના ઉપાદયક્ષ શ્રી પૂર્ણેશ મોદીએ ભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરી

કમલમ્,

'ઈન્દુચાચા'ના હુલામણા નામથી જાણીતા અને મહાગુજરાત આંદોલનના અગ્રેસર નેતા સ્વ. શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકની ૧૩૪મી જન્મજયંતી નિમિત્તે આજે ગુજરાત વિધાનસભાના પોડિયમ ખાતે પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી પૂર્ણેશ મોદીએ સ્વ. ઈન્દુચાચાના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી તેમના લોકસેવાના કાર્યોને યાદ કર્યા હતા. આઝાદીની ચળવળમાં 'ઈન્દુચાચા'એ અમૂલ્ય યોગદાન આપ્યું હતું. ઈન્દુલાલ યાજ્ઞિક સાદગી, નિઃસ્પૃહતા અને સંઘર્ષના પર્યાય હતા. આઝાદીની ચળવળમાં તેમણે મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ સાથે ખભેખભો મિલાવી સક્રિય ભૂમિકા ભજવી હતી. ખાસ કરીને ગુજરાતના સ્થાપના કાળના 'મહાગુજરાત આંદોલન'માં તેમનું નેતૃત્વ અજોડ રહ્યું હતું. તેઓ માત્ર એક રાજકીય નેતા જ નહીં, પરંતુ એક નીડર પત્રકાર, પ્રખર સાહિત્યકાર અને કિસાન-કામદાર પ્રવૃત્તિઓના સક્રિય સેવક પણ હતા. શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક વર્ષ ૧૯૫૭ થી ૧૯૭૨ દરમિયાન સાંસદ તરીકે કાર્યરત રહી પ્રજાહિતના પ્રશ્નોને મજબૂત રીતે વાચા આપી હતી. આ ઉપરાંત તેમણે આત્મકથા, નવલકથા, વ્યક્તિ-ચરિત્ર અને વિવિધ ગ્રંથો દ્વારા સાહિત્ય ક્ષેત્રે પણ બહોળું પ્રદાન આપ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીએ ઈન્દુલાલ યાજ્ઞિકના જીવન વિશે પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું હતું, જેની પ્રશંસા કરી ઉપાધ્યક્ષશ્રીએ વિદ્યાર્થીને 'સન્માન પત્ર' એનાયત કર્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના સંયુક્ત સચિવ શ્રીમતી રીટાબહેન મહેતા, વિધાનસભાના ઉચ્ચ અધિકારીઓ-કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વલસાડ ખાતે નાણાંમંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે નવનિર્મિત અતુલ વિંગ રેલવે ઓવરબ્રીજનું લોકાર્પણ

વલસાડની સુવિધાઓ વધારવા માટે જે પણ દરખાસ્તો આવશે તેને ધ્યાનમાં લેવાની ખાતરી આપું છું – મંત્રીશ્રી કનુભાઈ

કમલમ્, વલસાડ

વલસાડ ખાતે નાણાં, શહેરી વિકાસ અને શહેરી આવાસ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે લોકસભા દંડક અને સાંસદશ્રી ધવલભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં નવનિર્મિત વલસાડ રેલવે ઓવરબ્રીજનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વલસાડ રેલવે ઓવરબ્રીજ (એલસી-૯૮) ટીયર-૨, ફેઝ – ૧, અતુલ વિંગ ઓવરબ્રીજને વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકાતા વાહનચાલકોને પરિવહનમાં સરળતા મળશે તેમજ ટ્રાફિક સમસ્યા ઉકેલાશે. મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, જ્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી બની ગુજરાતનું સુકાન સંભાળ્યું હતું ત્યારથી ગુજરાતનો અવિરત વિકાસ થઈ રહ્યો છે. તેમણે દેશનું સુકાન સંભાળી સમગ્ર દેશના વિકાસની ગાથા આગળ વધારી રહ્યા છે. વલસાડની સુવિધાઓ વધારવા માટે જે પણ દરખાસ્તો આવશે તેને ધ્યાનમાં લેવાની ખાતરી આપું છું. મંત્રીશ્રીએ રેલવે ઓવરબ્રીજના લોકાર્પણની શહેરેજનોને શુભેચ્છા પાઠવી હતી અને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા બદલ ખુશી પણ વ્યક્ત કરી હતી. સાંસદશ્રી ધવલભાઈ પટેલે લોકાર્પણ પ્રસંગે કહ્યું હતું કે, ભારત, ગુજરાત અને વલસાડના વિકાસ માટે સરકાર નિરંતર પ્રયત્નો કરે છે. ભારતનો વિશ્વભરમાં ડંકો વાગે તેવા કાર્યો કરી રહ્યા છીએ. તેથી જ દિલ્હીમાં પણ ગ્લોબલ એઆઈ સમિટનું આયોજન ભારત સરકારે કર્યું હતું. આ ઓવરબ્રીજથી લોકોની સુખાકારીમાં વધારો થશે. લોકોની વર્ષો જૂની માંગ સંતોષાશે તેમજ ટ્રાફિક સામસ્યાનો પણ અંત આવશે. વલસાડ ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્દબોધન કર્યું હતું તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી જતિનભાઈ પટેલે સ્વાગત પ્રવચન કરી લોકાર્પણ કાર્યની રૂપરેખા આપી હતી. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી મનહરભાઈ પટેલ, ઉમરગામ ધારાસભ્યશ્રી રમણલાલ પાટકર, કપરાડા ધારાસભ્યશ્રી જીતુભાઈ ચૌધરી, તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી મીનાબેન ઠકોર, નગરપાલિકા પ્રમુખ શ્રીમતી માલતીબેન ટંડેલ, કલેક્ટરશ્રી ભવ્ય વર્મા, પ્રાંત અધિકારી વિમલ પટેલ, સહિત અનેક મહાનુભાવો અને મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

વલસાડના ધમડાચી ખાતે ૧૦મા સર્વજ્ઞાતિ સમુહલગ્નમાં ૧૧૧ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યા

નાણાંમંત્રીશ્રી કનુભાઈ દેસાઈ અને પ્રભારી મંત્રીશ્રી નરેશભાઈ પટેલે નવયુગલોને આશીર્વાદ આપ્યા

કમલમ્, વલસાડ

વલસાડના ધમડાચી ખાતે શ્રી વલસાડ તાલુકા પટેલ સમાજ પ્રગતિ મંડળ અને શ્રી ચંદ્રમૌલિશ્વર મહાદેવજી સંસ્થાપન ટ્રસ્ટ દ્વારા આયોજિત '૧૦મા સર્વજ્ઞાતિ સમુહલગ્ન'માં નાણાં, શહેરી વિકાસ અને શહેરી આવાસ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ અને આદિજાતિ વિકાસ, ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગ મંત્રીશ્રી અને વલસાડના પ્રભારી મંત્રીશ્રી નરેશભાઈ પટેલે ૧૧૧ યુગલોને આશીર્વાદ આપ્યા હતા. લોકસભા દંડક અને સાંસદશ્રી ધવલભાઈ પટેલ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ નવદંપતિઓ અને પરિવારજનોને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, આજના સમયમાં લગ્નપ્રસંગો ખર્ચાળ બની રહ્યા છે ત્યારે આવા સમુહલગ્નોનું આયોજન ખુબજ સરાહનિય કાર્ય છે. આ નવદંપતિઓ સંસાર શરૂ કરી રહ્યા છે ત્યારે ભવિષ્યમાં તેમના માથે બોજો આવશે નહીં તેમજ તેઓ સરળતાથી જીવન વિતાવી શકશે. પ્રભારીમંત્રીશ્રી નરેશભાઈ પટેલે પણ આર્શીવચનો પાઠવતાં કહ્યું હતું કે, મહાનુભાવો, સંતો અને સમાજસેવકોની હાજરીમાં લગ્ન થઈ રહ્યા છે ત્યારે નવદંપતીઓની પણ પરિવાર અને સમાજને સાથે લઈને ચાલવાની જવાબદારી બને છે. પરિવારોને પણ વિનંતી કરૂં છું કે તમારા ઘરમાં દીકરી આવી રહી છે તેવી ભાવનાથી જીવનભર ખુબજ સાચવીને રાખજો. સમુહલગ્નના આયોજન બદલ તમામ આયોજકોને સમાજસેવાના મહત્વપૂર્ણ કાર્ય માટે અભિનંદન પાઠવું છું. કાર્યક્રમમાં વલસાડ ધારાસભ્યશ્રી અને સમુહલગ્નના અયોજક ભરતભાઈ પટેલે સ્વગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા.

રાજપીપળા વ્હાઈટટાવર ચોક ખાતે ભાજપનો કોંગ્રેસ અને રાહુલ ગાંધી વિરુદ્ધ વિરોધ પ્રદર્શન

કમલમ્, રાજપીપળા

શહેરના વ્હાઈટ ટાવર ચોક ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા કોંગ્રેસ પાર્ટી અને રાહુલ ગાંધીના નિવેદનોના વિરોધમાં પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ભાજપ યુવા મોરચાના કાર્યકરો દ્વારા પ્રતીકાત્મક રીતે રાહુલ ગાંધીનું પુતળું દહન કરવામાં આવ્યું. ભાજપ કાર્યકરોના જણાવ્યા અનુસાર દિલ્હીના ભારત મંડપમ ખાતે કોંગ્રેસ દ્વારા AI સહિતના મુદ્દાઓને લઈને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જેને ભાજપે દેશવિરોધી માનસિકતા ગણાવી હતી. યુવા મોરચાના પ્રમુખ મહેન્દ્ર દવેના જણાવ્યા મુજબ, "કોંગ્રેસ અને રાહુલ ગાંધી દ્વારા દેશને આંતરરાષ્ટ્રીય સ્તરે નકારાત્મક રીતે રજૂ કરવાની પ્રવૃત્તિ સામે આ વિરોધ નોંધાવવામાં આવ્યો છે." ભાજપના કાર્યકરોનું કહેવું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દેશને વિકાસના માર્ગે આગળ વધારવા માટે સતત પ્રયત્નશીલ છે અને ૨૦૪૭ સુધી ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ લીધો છે. પ્રદર્શન દરમિયાન કાર્યકરો દ્વારા નારા લગાવી વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થયો હોવાનું જણાવાયું છે.

વાપી ખાતે નાણાંમંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે રૂ. ૧૯.૭૧ કરોડના ખર્ચે નવનિર્મિત રેલવે અંડરપાસનું લોકાર્પણ

આપણે આપણા વિસ્તારના વિકાસ માટે રાહ જોવાની જરૂર નથી. માત્ર યોગ્ય પ્લાનિંગ કરવાની જરૂર છે – મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ

કમલમ્, વલસાડ

વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં બલીઠા પાસે નાણાં, શહેરી વિકાસ અને શહેરી આવાસ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે લોકસભા દંડક અને સાંસદશ્રી ધવલભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં રૂ. ૧૯.૭૧ કરોડના ખર્ચે નવનિર્મિત રેલવે અંડરપાસનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સાથે સાથે વાપી મહાનગરપાલિકાના રૂ. ૩૨.૨૩ કરોડના વિકાસ કાર્યોના ખાતમુહુર્ત અને રૂ. ૨૫.૩૯ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. લોકાર્પણ પ્રસંગે મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આ અંડરપાસ બનવાથી શહેરીજનોની ઘણા સમયની રાહનો અંત આવ્યો છે. શહેરીજનોની ટ્રાફિક સમસ્યાઓ પણ હલ થશે. વાપી મહાનગરપાલિકાએ જે રીતે કામનું એક્ઝીક્યુશન કરીને મોટાભાગના કામો પૂર્ણ કર્યા છે. પીવાના પાણી માટે ડુંગરા ખાતે વ્યવસ્થા કરી હતી તે પ્રોજેક્ટ પણ એપ્રિલ સુધીમાં પૂર્ણ થઈ જશે તેથી પાણીની પણ કોઈ સમસ્યા પણ હંમેશા માટે ઉકેલાઈ જશે.

મહાનગરપાલિકામાં ઉમેરાયેલા ગામોમાં ત્રણ વર્ષ સુધી કોઈ જ ટેક્સ વધારો કરવામાં આવ્યો નથી. તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રીએ ગુજરાતમાં શહેરોના વિકાસ માટે મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની શરૂઆત કરાવી હતી જેના કારણે અનેક શહેરોનું અદભૂત વિકાસ થયો છે. અને હવે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે વર્ષ ૨૦૨૫માં આ યોજનાના ૨૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે શહેરી વિકાસ વર્ષ જાહેર કરીને રૂ.૩૦ હજાર કરોડ સમગ્ર ગુજરાતના શહેરોના વિકાસ માટે વાપર્યા છે. હાલમાં આ વિકાસકાર્યો મુખ્યમંત્રી સ્વયં શહેરી વિકાસ યોજનામાંથી કરવામાં આવે છે. આ વર્ષે પણ એનું બજેટ રૂ.૩૪૦૦૦ કરોડ કરવામાં આવ્યું છે. તેથી આપણે આપણા વિસ્તારના વિકાસ માટે રાહ જોવાની જરૂર નથી. માત્ર યોગ્ય પ્લાનિંગ કરવાની જરૂર છે. સાંસદશ્રી ધવલભાઈ પટેલે અંડરપાસની સુવિધાના અભિનંદન પાથવતા પ્રાસંગિક ઉદબોધન કરી સરકારની વિકાસગાથા વર્ણવી હતી. વાપી મહાનગરપાલિકા કમિશનરશ્રી યોગેશ ચૌધરીએ પ્રાસંગિક પ્રવચન

કરી સૌને આવકાર્યા હતા. કાર્યક્રમમાં વાપી મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનરશ્રી આસ્થા સોલંકી, વાપી તાલુકા સંગઠન પ્રમુખ મનીશ પટેલ, તાલુકા શહેર પ્રમુખ સમય પટેલ, વીઆઈએ પ્રમુખ સતીષ પટેલ અને માર્ગ મકાન વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રી જતિન પટેલ સહિત અનેક મહાનુભાવો અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

કવિ કાગનાં જીવનદર્શન પર આધારિત પુસ્તક 'વાણી તો અમરત વદાં'નું મોરારીબાપુના હસ્તે પુનઃવિમોચન

માહિતી ખાતાએ તૈયાર કરેલી નવી આવૃત્તિનું કાગધામ મજાદરમાં વિમોચન થયું

કમલમ્, અમરેલી

પ્રખ્યાત લોકસાહિત્યકાર પદ્મશ્રી કવિ દુલા ભાયા કાગનાં જીવનદર્શન પર આધારિત પુસ્તક 'વાણી તો અમરત વદાં'નું ૨૩ વર્ષ બાદ અમરેલી જિલ્લાના કાગધામ મજાદર ખાતે સુપ્રસિદ્ધ કથાકાર મોરારી બાપુના હસ્તે પુનઃવિમોચન થયું હતું.

રાજ્યનાં માહિતી ખાતાએ તૈયાર કરેલી નવી આવૃત્તિનું કવિ કાગની ૪૮મી પુણ્યતિથિ નિમિત્તે 'કાગના ફળિયે કાગની વાતુ' કાર્યક્રમના ૨૫માં મણકા નિમિત્તે અમરેલી જિલ્લામાં આવેલા કાગધામ મજાદરમાં વિમોચન કરવામાં આવ્યું હતુ. આ પુસ્તકનું વિમોચન મોરારીબાપુ સાથે શ્રી, વી.એસ. ગઢવી, પુસ્તકના સંપાદકશ્રી, અંબાદાન રોહડીયા, ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ શ્રી, જયેશ દવે, શ્રી રામ ભાઈ જામંગનીપ્રેરક ઉપસ્થિતિમાં સંપન્ન થયું હતું. આ પુસ્તકની નવસંવર્ધિત આવૃત્તિના વિમોચન પ્રસંગે પૂર્વ માહિતી નિયામક શ્રી, વસંત ગઢવીએ પુસ્તકના પ્રકાશન પાછળની રસપ્રદ વાત જણાવી હતી. તેમણે કહ્યું કે, પુસ્તકનું પ્રથમવાર વિમોચન તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી, નરેન્દ્ર ભાઈ મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું. કવિ કાગની ૧૦૦મી જન્મ જયંતી ના અવસરે આ પુસ્તક સાથે એક ટપાલ ટિકિટ અને ડોક્યુમેન્ટરી ફિલ્મનું વિમોચન કરી અને કવિ કાગના સાહિત્ય અને કવિતાના પ્રદાનને "કાવ્યાંજલિ" આપવામાં આવી હતી. તેમણે ઉમેર્યું કે, 'વાણી તો અમરત વદાં" ની પ્રતો ઉપલબ્ધ ન હોવાથી અને તેને અત્યાધુનિક ટેકનોલોજી સાથે જોડી અને નવ સંવર્ધિત સંસ્કરણ ૨જૂ કરવાના હેતુથી પુનઃ વિમોચન કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં જાણીતા લેખક અને હાસ્ય કલા કાર શ્રી શાહબુદીન રાઠોડ, જાણીતા કવિ અને નિવૃત્ત સનદી અધિકારી શ્રી, ભાગ્યેશ જહા, શ્રી, વી.એસ.ગઢવી, શ્રી, લક્ષ્મણ પિંગળશી, ગઢવી સહિતના સમર્થ લેખકો દ્વારા લખાયેલા ૪૩ ચેપ્ટરો કાગ સાહિત્ય પ્રેમીઓ માટે ઉપયોગી પુરવાર થશે. આ પુસ્તકના પુનઃ વિમોચન બદલ મોરારીબાપુ એ અંતઃકરણથી પ્રસન્નતા વ્યક્ત કરી હતી. જ્યારે શ્રી, વી.એસ. ગઢવીએ માહિતી કમિશનર શ્રી, કે.એલ. બચાણી અને માહિતી ખાતાનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે ચારણ સંસ્કૃતિનું દર્શન કરાવતા એક 'ચારણ સંસ્કૃતિ' નું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કચ્છથી પધારેલા પ્રોફેસર શ્રી, રમજાન એ કાગ વાણી અને સાહિત્યનું રસપાન કરાવ્યું હતું. ગુજરાતી લોકસાહિત્યમાં શિરમોર કવિ કાગની પુણ્યતિથિ નિમિત્તે દર વર્ષે તેમના વતન મજાદર (કાગધામ) ખાતે કવિ કાગના જીવનદર્શન ઉપરાંત કાગવાણીના ભક્તિ, શૌર્ય તથા બીજા અનેક વૈવિધ્યસભર અમરકાવ્યોને યાદ કરી કવિકાગને શ્રધ્ધા સુમન અર્પણ કરવાના કાર્યક્રમનુ આયોજન કરવામાં આવે છે. આ નવસંસ્કરિત પુસ્તકમાં જૂના લેખોની સાથે નવા કેટલાક લેખોનો પણ ઉમેરો કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં કવિ કાગના સમગ્ર કર્તુત્વ અને જીવનદર્શનને પાંચ ખંડોમાં સમાવિષ્ટ કરાયા છે.

જેમાં વ્યક્તિત્વ અને સંસ્કૃતિ અને સમાજ, પ્રાચીન અને અર્વાચીનનો સમન્વય, કાગવાણી વિશેષ પરિપ્રેક્ષ્યમાં અને કાગવાણીના બહુવિધ પરિમાણોનો સમાવેશ થાય છે. આ ગ્રંથને અદ્યતન ટેકનોલોજી સાથે સજ્જ કરીને વધુ લોકસ્વીકૃત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ગ્રંથમાં મુકાયેલ ઊઈ કોડ મોબાઈલની મદદથી સ્કેન કરવાથી કાગબાપુના કંઠે રજૂ થયેલ લોકરામાયણ, મહાભારત અને અન્ય કૃતિઓ આકાશવાણીના પ્રસંગો સાંભળી શકાશે. કવિ કાગની કહેણીની શૈલી અને કંઠની ઋજુતાને જનજન સુધી પહોંચાડવાનો આ આવકારદાયક પ્રયાસ છે. કવિ શ્રી કાગ વિષયક સ્વાધ્યાય લેખોને, સમાવતાં આ દળદાર ગ્રંથ વાચકો, સાહિત્યકારો અને લોક કલાકારોને કવિ કાગ અને તેમણે સર્જેલા સાહિત્યનો વિશેષ પરિચય આપશે અને અત્યંત ઉપયોગી બની રહેશે. આ પ્રસંગે જાણીતા સાહિત્યકારો, કવિઓનું, 'કાગ એવોર્ડ'થી સન્માન કરવામાં આવ્યું હતું. મજાદર ખાતે સતત ૨૫ વર્ષથી આ કાર્યક્રમ અવિરતપણે યોજવા બદલ શ્રી, વસંત ગઢવીએ મોરારીબાપુનો આભાર વ્યક્ત કર્યો હતો.

કમલમ્,

રાંદેસણ ખાતે ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત ૨૮ મો સમૂહલગ્નોત્સવમાં ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે હાજરી આપી, સર્વે ૫૧ નવ વિવાહિત દંપતીઓને શુભકામનાઓ સહ શુભ લગ્નજીવનના આશીર્વાદ આપ્યા, ઈશ્વર તેમના દંપત્ય જીવનને સુખ, શાંતિ, સમૃદ્ધિ, સફળતા અને સમાજસેવાની ભાવનાથી પરિપૂર્ણ કરે તેવી પ્રાર્થના કરી. આ પ્રસંગે દાતાશ્રીઓનું અને લગ્નસમિતિના સભ્યોનું સન્માન કર્યું, આવા મંગલ પ્રસંગો સમાજની સમસ્તતા અને એકતામાં વધારો કરતાની સાથે જરૂરિયાતમંદ લોકો માટે ખૂબ જ અસરકારક અને ઉપયોગી નીવડે છે. આ કાર્યક્રમમાં શ્રીમતિ રીટાબેન પટેલ ધારાસભ્ય, શ્રીમતી મીરાબેન પટેલ મેયર, શ્રી જયરાજસિંહ પરમાર ભાજપ ગુજરાત પ્રદેશ પ્રવક્તા, શ્રી મહેન્દ્રસિંહ રાણા, શ્રી શંકરસિંહ ગોહિલ પ્રમુખ, શ્રી હરિસિંહ ચેગ્મેન સમૂહ લગ્ન સમિતિ, શ્રી રામજીભા જાડેજા, શ્રી મહેન્દ્રભાઈ પટેલ ચેગ્મેન નાગરિક બેંક, શ્રી સંદીપસિંહ ચાવડા મહામંત્રી, શ્રી યુવરાજસિંહ રાણા, શ્રી પોપટસિંહ ગોહિલ ઉપપ્રમુખ, શ્રી પ્રેમલસિંહ ગોલ, શ્રી લક્ષ્મણસિંહ રાજપૂત કામલી તેમજ સમાજના આગેવાનો અને મોટી સંખ્યામાં ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં શ્રીમતિ રીટાબેન પટેલ ધારાસભ્ય, શ્રીમતી મીરાબેન પટેલ મેયર, શ્રી જયરાજસિંહ પરમાર ભાજપ ગુજરાત પ્રદેશ પ્રવક્તા, શ્રી મહેન્દ્રસિંહ રાણા, શ્રી શંકરસિંહ ગોહિલ પ્રમુખ, શ્રી હરિસિંહ ચેગ્મેન સમૂહ લગ્ન સમિતિ, શ્રી રામજીભા જાડેજા, શ્રી મહેન્દ્રભાઈ પટેલ ચેગ્મેન નાગરિક બેંક, શ્રી સંદીપસિંહ ચાવડા મહામંત્રી, શ્રી યુવરાજસિંહ રાણા, શ્રી પોપટસિંહ ગોહિલ ઉપપ્રમુખ, શ્રી પ્રેમલસિંહ ગોલ, શ્રી લક્ષ્મણસિંહ રાજપૂત કામલી તેમજ સમાજના આગેવાનો અને મોટી સંખ્યામાં ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્,

ચરોતર ના રઘવાણજ ખાતે શ્રી ચરોતર રાજપૂત સમાજ આયોજીત ૨૦ મો સમૂહલગ્નોત્સવમાં ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે હાજરી આપી, સર્વે ૩૧ નવ વિવાહિત દંપતીઓને શુભકામનાઓ સહ શુભ લગ્નજીવનના આશીર્વાદ આપ્યા. નિમંત્રક શ્રી જીતેન્દ્રસિંહજી ભગવતસિંહ રાઠોડ પરિવાર અને શ્રી શક્તિસિંહજી વાઘેલા તેમજ તેમજ સફળતાપૂર્વક સમૂહ લગ્નોત્સવનું આયોજન કરી સમાજને સામાજીક એકસુત્રે જોડી રાખ્યાનું ખરા અર્થમાં કામ કરી રહેલ "શ્રી ચરોતર રાજપૂત સમાજ" ને શુભેચ્છાઓ પાઠવું છું, તેમજ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ થનાર તમામ સેવકોને અભિનંદન. આ કાર્યક્રમમાં શ્રી દેવુસિંહજી ચૌહાણ (સાંસદશ્રી), શ્રી સંજયસિંહજી મહિડા (ધારાસભ્ય), દાતા શ્રી જુતેન્દ્રસિંહજુ, શ્રી શક્તિસિંહ વાઘેલા તેમજ શ્રી અર્જુનસિંહજુ મહિડા (પ્રમુખ), શ્રી જશુભા સોલંકી (ઉપપ્રમુખ), શ્રી વિક્રમસિંહજુ રાજ, શ્રી ઘનશ્યામસિંહજુ (મંત્રી), શ્રી વિજયસિંહજુ મહિડા, શ્રી છત્રસિંહજુ, સમૂહલગ્ન સમિતિના સભ્યો અને સમાજના આગેવાનો તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

વિશ્વ માતૃભાષા દિવસ: માહિતી કમિશનરની કચેરી ખાતે ગુજરાતી ભાષાના ગૌરવગાન સાથે વિશેષ કાર્યશાળા યોજાઈ

કમલમ્,

સમગ્ર વિશ્વ જ્યારે 'વિશ્વ માતૃભાષા દિવસ' ઉજવી રહ્યું છે, ત્યારે ગુજરાત સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા માતૃભાષાના જતન અને સંવર્ધન માટે એક સરાહનીય પહેલ કરવામાં આવી હતી. માહિતી કમિશનરની કચેરી ખાતે કમિશનર શ્રી કે.એલ. બચાણીના અધ્યક્ષસ્થાને 'ગુજરાતી ભાષાના મહિમા' પર કેન્દ્રિત એકદિવસીય કાર્યશાળાનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના અધિક જનસંપર્ક અધિકારી શ્રી વિવેકભાઈ ત્રિવેદી તેમજ સંયુક્ત માહિતી નિયામક શ્રી સંજય કચોટ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે માહિતી કમિશનર શ્રી કે.એલ. બચાણીએ જણાવ્યું હતું કે, માતૃભાષા એ માત્ર સંવાદનું માધ્યમ નથી, પરંતુ તે આપણી સંસ્કૃતિ અને સંસ્કારોની વાહક છે. વહીવટી કાર્યમાં પણ માતૃભાષાનો વિનિયોગ વધે તે દિશામાં પ્રયાસો કરવા તેમણે સૌને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન, ગાંધીનગરના ટ્રસ્ટી શ્રી કિશોરભાઈ જિકાદરા દ્વારા ગુજરાતી ભાષા લેખનમાં શુદ્ધિ અને સૂક્ષ્મતા માટેની પ્રાથમિક વાતો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, તેઓ દ્વારા માતૃભાષા ગુજરાતીના જતન અને તેના મહત્તમ ઉપયોગ અંગે વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આ પ્રસંગે માહિતી ખાતાના વિવિધ સંવર્ગના અધિકારી-કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી માતૃભાષા પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

કમલમ્,

સંતરામપુર તાલુકાના ચિયાણી (ઉપલા ફળીયા) ખતે શ્રી પ્રવિણભાઈ સવજીભાઈ કટારા ના નિવાસ સ્થાને આયોજીત તેમના સુપુત્ર ચિ. અમિત ના શુભ લગ્ન પ્રસંગે ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડીંડોર ઉપસ્થિત રહી નવ યુગલને સુખી દાંપત્યજીવનના આશીર્વાદ આપ્યા. આ તકે સંતરામપુર તાલુકા પંચાયત પ્રમુખશ્રી હરેશભાઈ વળવાઈ, સચિન શાહ અને કાર્યકર્તાઓ હાજર રહ્યાં હતાં.

કમલમ્,

પંચમહાલ જિલ્લાના મોરવા હડફ ખાતે શ્રી વિજયકુમાર પ્રતાપસિંહ પટેલ (પ્રમુખ - બક્ષીપંચ મોરચો પંચમહાલ) ના નિવાસ સ્થાને આયોજીત તેમના સુપુત્ર ચિ. ડો.વત્સલ ના શુભ લગ્ન પ્રસંગે સંતરામપુર ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડીંડોર ઉપસ્થિત રહી નવ યુગલને સુખી દાંપત્યજીવનના આશીર્વાદ આપ્યા.

કમલમ્,

સંતરામપુર તાલુકાના બાબરોલ ખાતે શ્રી લાલસિંગભાઈ કાળુભાઈ માલ ના નિવાસ સ્થાને આયોજીત તેમના સુપુત્ર ચિ. કુલદિપ ના શુભ લગ્ન પ્રસંગે ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડીંડોર ઉપસ્થિત રહી નવ યુગલને સુખી દાંપત્યજીવનના આશીર્વાદ આપ્યા.

કમલમ્,

યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનો ૧૩૯મો 'મન કી બાત' નો પ્રેરણાત્મક એપિસોડ ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે નિહાળ્યો. માનનીય વડાપ્રધાનશ્રીએ 'Ai કા જાદુ, અંગદાન કી કહાની, ડીગ્રીટલ એરેસ્ટ સે સાવધાની અને દેશના નાગરિકો ને ૩ મંત્રો વડકી પોતાના અજેસ્વી વિચારો દ્વારા દેશના નાગરિકોમાં નવચેતના અને નવી ઊર્જાનો સંચાર કર્યો છે. આ કાર્યક્રમ માત્ર સંવાદ નહીં, પરંતુ રાષ્ટ્રના પ્રત્યેક નાગરિકને પ્રેરણા આપતું એક અનોખું મંચ બની ચૂક્યું છે.

કમલમ્,

સંતરામપુર નગર પાલિકા ફાયર સ્ટેશન હોલ ખાતે ન્યુ ગુજરાત પેટર્ન યોજના, વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત પ્રાયોજના વહિવટદારશ્રીની કચેરી, લુણાવાડા-મહીસાગર તથા મદદનિશ કમિશ્નરશ્રી (આદિજાતી વિકાસ), લુણાવાડા-મહીસાગર ના સંયુક્ત ઉપક્રમે મહીસાગર જિલ્લાના સંતરામપુર અને કડાણા તાલુકાના શિક્ષિત આદિજાતી યુવાનો માટે સરકારી ભરતીઓની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે વિનામૂલ્યે સુવિધા ઓ આપવામાં આવી છે. આ યોજના હેઠળ ઉમેદવારોને ૧ વર્ષની વેલીડીટી ધરાવતી "ઓલ ઇન વન" ઓનલાઈન મોબાઇલ એપ્લિકેશનનો એક્સેસ તથા વિવિધ પુસ્તકોનો સેટ વિનામૂલ્યે આપવામાં આવ્યો છે. આ એપ્લિકેશન દ્વારા નીચેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારી કરી શકાશે:

★ GPSC
★ પોલીસ - SRP કોન્સ્ટેબલ (લોકરક્ષક)
★ PSI / ASI
★ ફોરેસ્ટ (વનરક્ષા સહાયક)
★ તલાટી-મંત્રી
★ સચિવાલય / બિન-સચિવાલય
★ આર્મી તથા વિવિધ લશ્કરી દળોની ભરતી

આ પુસ્તકો અને એપ્લિકેશનના એક્સેસનું વિતરણ ૧૨૩-સંતરામપુર વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્યશ્રી ડો. કુબેર ડીંડોર ના વરદહસ્તે કરવામાં આવ્યું. આ પહેલ દ્વારા આદિજાતી યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા પ્રાપ્ત કરવા માટે મજબૂત માર્ગદર્શન અને સશક્ત પ્લેટફોર્મ મળશે. યુવાનોને ઉજ્જવળ ભવિષ્ય માટે હાર્દિક શુભકામનાઓ...

અમદાવાદના ખાડિયા સ્થિત હેરિટેજનું ઉત્તમ પ્રતીક સમી દેસાઈની પોળ ખાતે બુથના કાર્યકર્તાઓ સાથે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'મનકી બાત' કાર્યક્રમનો ૧૩૧ મો એપિસોડ નિહાળતા ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી નીતિન નવીનજી

જ્યાં ભાજપાનો પાયો નંખાયો એવા હેરિટેજ વિસ્તાર ખાડિયા ખાતે ઉપસ્થિત રહી બુથના કાર્યકર્તાઓ સાથે 'મન કી બાત' કાર્યક્રમ નિહાળવાનો અનુભવ યાદગાર અને અવિસ્મરણીય છે -શ્રી નીતિન નવીનજી

બુથ અધ્યક્ષ, વોર્ડ અધ્યક્ષ, શહેર અધ્યક્ષ, પ્રદેશ અધ્યક્ષ અને રાષ્ટ્રીય અધ્યક્ષ એક સાથે બેસીને આ પ્રકારે કાર્યક્રમ નિહાળે એ માત્ર ભાજપામાં જ શક્ય છે - શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

કમલમ્,

ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી નીતિન નવીનજીએ અમદાવાદના ખાડિયા સ્થિત હેરિટેજનું ઉત્તમ પ્રતીક સમી દેસાઈની પોળ ખાતે ભારતીય જનતા પાર્ટીના બુથના કાર્યકર્તાઓ સાથે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'મન કી બાત' કાર્યક્રમનો સંવાદ હંમેશા પ્રેરણાદાયી હોય છે. 'મન કી બાત' કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ શ્રી નીતિન નવીનજી પોળમાં ઉપસ્થિત રહેવાસીઓ તથા કાર્યકર્તાઓના પરિવારજનોને ખુબ ઉત્સાહ અને ઉમંગભેર મળ્યા હતા અને નાગરિકોના અભિવાદનનો સ્વીકાર કર્યો હતો. આ અવસરે રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીએ ઉપસ્થિત સફાઈ કામદાર ભાઈને પોતાનો ખેસ પહેરાવીને તેઓના સેવાકાર્યની પ્રશંસા કરી સન્માન કર્યું હતું. તેઓએ દેસાઈની પોળના ઘરોના દ્વાર પર તથા ઓટલા ઉપર તેમના આવકાર વા ઉભેલા વૃદ્ધજનોને વંદન કરી આશીર્વચન મેળવ્યાં હતાં. પ્રસંગે ઉપસ્થિત જનમેદનીએ શ્રી નીતિન નવીનજીના આ નમ્રતાપૂર્ણ અને સાલસ વ્યવહારને ગગનભેદી જયઘોષ સાથે ઉત્સાહભેર વધાવી લીધો હતો. ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, બુથ અધ્યક્ષ, વોર્ડ અધ્યક્ષ, શહેર અધ્યક્ષ, પ્રદેશ અધ્યક્ષ અને રાષ્ટ્રીય અધ્યક્ષ એક સાથે બેસીને આ પ્રકારે કાર્યક્રમ નિહાળે એ માત્ર ભારતીય જનતા પાર્ટીમાં જ શક્ય છે. આજે બુથના કાર્યકર્તાઓ સાથેના હેરિટેજિટી અમદાવાદની એતિહાસિક પોળ સંસ્કૃતિના સાનિધ્યમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો 'મન કી બાત' કાર્યક્રમ નિહાળવાનો અનુભવ આનંદદાયી અને બુથના કાર્યકર્તા સાથે સંવાદ કરવાનો અવસર બની રહ્યો.

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહની આસામના ગુવાહાટીમાં CRPFના ૮૭મા સ્થાપના દિવસની ઉજવણીમાં ઉપસ્થિત

CRPFની બહાદુરીને કારણે દેશના ત્રણ આંતરિક સુરક્ષા કેન્દ્રો વિકાસના ગ્રોથ સ્પોટમાં પરિવર્તિત થયા છે

- ૮૬ વર્ષના ઇતિહાસમાં, CRPF એ બલિદાન દ્વારા સમર્પણ અને બહાદુરીનું ઉદાહરણ સ્થાપિત કર્યું છે અને ભારતની આંતરિક સુરક્ષા તેના વિના અકલ્પનીય છે
- ફક્ત બે બટાલિયનથી શરૂ કરીને, CRPF આજે ૨૪૮ બટાલિયન અને ૩૨૫,૦૦૦ જવાનો સાથે વિશ્વનું સૌથી મોટું CAPF બની ગયું છે
- યુદ્ધ જીતવાની વાત હોય, સંસદ અને રામ જન્મભૂમિ પરના હુમલાઓને નિષ્ફળ બનાવવાની વાત હોય, કે પછી અમરનાથ યાત્રા અને મહાકુંભ દરમિયાન સુરક્ષા સુનિશ્ચિત કરવાની વાત હોય, CRPF દુશ્મનની હારની ગેરંટી છે
- દેશના વિવિધ ભાગોમાં CRPF દિવસ પરેડ યોજવાના મોદી સરકારના નિર્ણયને કારણે, આ પરેડ પહેલીવાર પૂર્વોત્તરમાં યોજાઈ રહી છે, જે ગર્વની વાત છે
- નક્સલવાદને નાબૂદ કરવામાં CRPF એ મુખ્ય ભૂમિકા ભજવી છે અને ૩૧ માર્ચ પહેલા દેશ નક્સલવાદથી મુક્ત થઈ જશે
- ઓપરેશન બ્લેક ફોરેસ્ટમાં CRPF સૈનિકોની બહાદુરી, હિંમત અને દૃઢ નિશ્ચય નક્સલવાદ સામેની લડાઈના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરોમાં લખાશે

કમલમ્,
કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે આસામના ગુવાહાટીમાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF)ના ૮૭મા સ્થાપના દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે આસામના મુખ્યમંત્રી ડૉ. હિમંતા બિસ્વા શર્મા, CRPFના મહાનિર્દેશક અને અન્ય ઘણા મહાનુભાવો હાજર રહ્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે ૮૬ વર્ષથી, CRPF તેના ઉત્કૃષ્ટ પ્રદર્શન વીરતા, ધૈર્ય, બહાદુરી અને બલિદાન દ્વારા દેશની આંતરિક સુરક્ષાને મજબૂત બનાવી રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે CRPF વિના દેશની આંતરિક સુરક્ષાની કલ્પના પણ કરી શકાતી નથી. તેમણે જણાવ્યું હતું કે તેની સ્થાપનાથી ૮૬ વર્ષથી વધુ સમયથી CRPF દેશની આંતરિક સુરક્ષાના મજબૂત સ્તંભ તરીકે ઊભું રહ્યું છે અને ફરજ પ્રત્યેના સમર્પણ દ્વારા પરિણામો આપી રહ્યું છે. શ્રી શાહે જણાવ્યું હતું કે 2,270 CRPF જવાનોએ દેશને સુરક્ષિત રાખવા માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું છે અને સમગ્ર રાષ્ટ્ર તેમનો આભાર માને છે અને તેમને શ્રદ્ધાંજલિ આપે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ફરજ પ્રત્યેના આ સમર્પણ અને બલિદાનને કારણે, CRPF સૈનિકોએ ઘણી વખત દેશનું રક્ષણ કર્યું છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે ૧૧-૧૨ વર્ષ પહેલાં, દેશમાં ત્રણ મુખ્ય હોટસ્પોટ હતા - જમ્મુ અને કાશ્મીર, ડાબેરી ઉગ્રવાદથી પ્રભાવિત વિસ્તારો અને પૂર્વોત્તર - જે દેશની આંતરિક સુરક્ષા માટે ઉપદ્રવ બની ગયા હતા. તેમણે કહ્યું કે આજે ત્રણેય વિસ્તારોમાં શાંતિ સ્થાપિત કરવામાં સફળતા મળી છે. તેમણે જણાવ્યું હતું કે બોમ્બ વિસ્ફોટ, ગોળીબાર, બંધ, નાકાબંધી અને વિનાશ એક સમયે આ ત્રણ હોટસ્પોટમાં સામાન્ય હતા, પરંતુ હવે આ ત્રણેય વિસ્તારો વિકાસના એન્જિન બની ગયા છે, જે સમગ્ર દેશના વિકાસને આગળ ધપાવી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે આ CRPF શહીદોના બલિદાન વિના, આ ત્રણ હોટસ્પોટને વિકાસના માર્ગ પર લાવવાનું અશક્ય હતું. કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે આજની CRPF દિવસ પરેડ બીજા દ્રષ્ટિકોણથી પણ મહત્વપૂર્ણ છે. તેમણે જણાવ્યું હતું કે CRPFના ૮૬ વર્ષના ઈતિહાસમાં આ પહેલી વાર છે જ્યારે દળના સ્થાપના દિવસની ઉજવણી પૂર્વોત્તર, આસામમાં થઈ રહી છે, જે આપણા બધા અને સમગ્ર પૂર્વોત્તર માટે ગર્વની વાત છે. તેમણે કહ્યું કે ૨૦૧૯માં કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (CAPFs)ની વાર્ષિક પરેડ દેશના વિવિધ ભાગોમાં યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું, અને આજે CRPF પરેડ દેશના સૌથી મહત્વપૂર્ણ ભાગોમાંના એક - ઉત્તરપૂર્વમાં યોજાઈ રહી છે. શ્રી શાહે જણાવ્યું હતું કે આજે ૧૪ CRPF જવાનોને બહાદુરી માટે પોલીસ મેડલ, ૫ જવાનોને વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ પોલીસ મેડલ અને ૫ CRPF બટાલિયનને ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે CRPFની સફર ૧૯૩૯માં ફક્ત ૨ બટાલિયનથી શરૂ થઈ હતી અને આજે ૨૪૮ બટાલિયન અને ૩.૨૫ લાખ કર્મચારીઓની સંખ્યા સાથે CRPF વિશ્વનું સૌથી મોટું CAPF બની ગયું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે CRPF એ સમગ્ર દેશની આંતરિક સુરક્ષા અને સાર્વભૌમત્વના રક્ષણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. શ્રી શાહે જણાવ્યું હતું કે ૯ એપ્રિલ, ૧૯૬૫ના રોજ CRPF એ કચ્છના રણમાં સરદાર પોસ્ટ પર પાકિસ્તાની સેનાનો સામનો કરતી વખતે ખૂબ જ બહાદુરી દર્શાવી હતી, અને તેથી દર વર્ષે ૯ એપ્રિલને 'શૌર્ય દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે કોલકાતામાં ડાબેરી ઉગ્રવાદીઓના હુમલામાં ૭૮ પોલીસકર્મીઓ માર્યા ગયા ત્યારે પણ CRPFએ હિંમતભેર આગેવાની લીધી. તેમણે ઉમેર્યું કે CRPFએ સંસદ પરના આતંકવાદી હુમલા અને ૨૦૦૫માં શ્રી રામ જન્મભૂમિ પરના હુમલાને પણ નિષ્ફળ બનાવ્યો. તેમણે કહ્યું કે CRPFના જવાનો ક્યારેય તેમની ફરજમાં નિષ્ફળ જતા નથી. શ્રી શાહે વધુમાં જણાવ્યું કે કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછી જમ્મુ અને કાશ્મીરમાં એક પણ ગોળી ચલાવવામાં આવી નથી, અને CRPF એ આ સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેમણે જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરમાં પથ્થરમારાની ઘટનાઓ શૂન્ય થઈ ગઈ છે, ઉદ્યોગો વધી રહ્યા છે અને વિકાસ થઈ રહ્યો છે, જેમાં CRPF, BSF અને ખાસ કરીને જમ્મુ અને કાશ્મીર પોલીસે મુખ્ય ભૂમિકા ભજવી છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે CRPF એ ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં શાંતિ જાળવવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે નક્સલવાદ દેશના ૧૨ રાજ્યો અને અસંખ્ય જિલ્લાઓમાં ફેલાયો છે અને જ્યારે ભારત સરકારે આ ખતરાને જડમૂળથી ઉખેડી નાખવાનો નિર્ણય લીધો, ત્યારે CRPF અને કોબ્રા ફોર્સના જવાનોએ આ પ્રયાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. તેમણે કહ્યું કે આટલું મોટું, મુશ્કેલ અને જટિલ કાર્ય ફક્ત ત્રણ વર્ષમાં પૂર્ણ થયું અને CRPF કર્મચારીઓના કારણે જ આપણે વિશ્વાસપૂર્વક કહી શકીએ છીએ કે દેશ ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં નક્સલવાદથી સંપૂર્ણપણે મુક્ત થઈ જશે. શ્રી શાહે જણાવ્યું હતું કે નક્સલવાદીઓ વિરુદ્ધ ઓપરેશન બ્લેક ફોરેસ્ટના ભાગ રૂપે, CRPF જવાનોએ અત્યંત મુશ્કેલ ભૌગોલિક પરિસ્થિતિઓમાં ૨૧ દિવસ સુધી કામગીરી કરી, ૪૫ ડિગ્રી સેલ્સિયસની તીવ્ર ગરમીનો સામનો કર્યો અને નક્સલવાદી ગઢનો નાશ કર્યો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે અસાધારણ હિંમત દર્શાવતા, CRPF જવાનોએ ૪૫ ડિગ્રી તાપમાનમાં ખડકાળ ટેકરીઓ પર ૨૧ દિવસ સુધી કામગીરી કરી, એક ઈંચ પણ પાછળ હટ્યા વિના, અને અંતે એક મુખ્ય નક્સલવાદી ઠેકાણાનો નાશ કર્યો. તેમણે કહ્યું કે CRPF અને કોબ્રા ફોર્સ દેશને આતંકના દુષ્ટતામાંથી મુક્ત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે CRPFના જવાનોએ અનેક ધાર્મિક તહેવારો, મહા કુંભ મેળા અને અમરનાથ યાત્રાના સફળતાપૂર્વક આયોજનમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમણે કહ્યું કે CRPFએ દેશની આંતરિક સુરક્ષાને સતત મજબૂત અને સુરક્ષિત રાખી છે.

પ્રથમ દિવસે જ પુસ્તકપ્રેમી સુરતીઓનો ભારે ઉત્સાહ જોવા મળ્યો

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી લિખિત પુસ્તકોનું થીમ પેવેલિયન: નમો રીડિંગ કોર્નર, લેટર્સ ટુ પીએમ સેક્શન ઉભા કરાયા

કમલમ્,
ઉધના મગદલ્લા રોડ, ગર્લ્સ હોસ્ટેલની બાજુમાં VNSGU ના ગ્રાઉન્ડમાં આયોજિત અને સાહિત્ય સાથે પ્રકૃતિ અને કલાને જોડતા, વાંચન સંસ્કૃતિને પ્રોત્સાહન આપતા ભવ્ય પુસ્તકમેળાના પ્રથમ દિવસે જ પુસ્તકપ્રેમી સુરતીલાલાઓનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. રાષ્ટ્રીય પુસ્તક મેળામાં ૧૧ ડોમ છે. જે પૈકી બુક ફેર માટે ૫ ડોમ અને તેમાં કુલ બુકસ્ટોલની સંખ્યા ૬૩ છે. ૧ ડોમમાં ફુડ ઝોન રહેશે જેમાં ૩૬ સ્ટોલ છે. શિલ્પગ્રામ માટે ૧ ડોમમાં ૪૪ સ્ટોલ, પ્લાન્ટેશન માટે ૪ ડોમ જેમાં ૪૦ સ્ટોલ છે. મેળાના મધ્ય ભાગમાં ૮૦૦ ચો.મી. વિસ્તારમાં ફ્લાવર શોનું નિર્માણ કરાયું છે. સાથોસાથ એક ડોમમાં ફૂડ ફેસ્ટિવલમાં વિવિધ વાનગીઓનો આસ્વાદ માણી શકાશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દ્વારા લિખિત પુસ્તકો તથા તેમના જીવન-કવન, કાર્યો, સુશાસન અને વિચારધારા પર અન્ય લેખકો દ્વારા લખાયેલ વૈવિધ્યપૂર્ણ પુસ્તકોનું પ્રદર્શન તથા વેચાણ એક વિશેષ થીમ પેવેલિયનમાં કરાશે. જેમાં નમો રીડિંગ કોર્નર, લેટર્સ ટુ પીએમ સેક્શન પણ ઉભા કરાયા છે.

હોર્ટિકલ્ચર ફેર અને ફ્લાવર શો આકર્ષણનું કેન્દ્ર

બાગાયત મેળામાં ગુજરાત અને મહારાષ્ટ્રની ૪૦ નર્સરીઓના સ્ટોલ છે. શહેરીજનો આ ૪૦ સ્ટોલમાંથી વિવિધ ૪૫ જાતિના ફુલ-છોડ, બાગાયતી સાધનો અને કુંડાઓ વ્યાજબી ભાવે મેળવી શકશે. ફ્લાવર શોમાં સરકારની વિવિધ યોજનાઓથી શહેરીજનો માહિતગાર થાય તે હેતુથી ફુલ-છોડથી સુશોભિત પી.એમ. આવાસ યોજના, પી.એમ. જનઆરોગ્ય યોજના, પી.એમ. સૂર્યઘર યોજના, જલશક્તિ અભિયાન, મેટ્રોસિટી, ૦૨ સેલ્ફી પોઈન્ટ અને ૦૨ ગેટ (એન્ટ્રી-એક્ઝીટ) મળી કુલ ૦૮ (આઠ) વૈવિધ્યસભર સ્ટ્રક્ચરોને રંગબેરંગી ફુલોથી શણગારી પ્રદર્શિત કરાયા છે.

ફૂડ ફેસ્ટિવલમાં વિવિધ વાનગીઓનો આસ્વાદ માણી શકાશે

શિલ્પ ગ્રામ મેળામાં હસ્તકલા અને હાથશાળના કારીગરોની કલા જોવા મળશે

શિલ્પગ્રામ મેળામાં વિવિધ હસ્તકલા અને હાથશાળના કારીગરોની વિશિષ્ટ કલાત્મક ચીજવસ્તુઓ જેવી કે કચ્છી જ્વેલરી, એમ્બ્રોઇડરી, શંખમાંથી નિર્મિત વસ્તુઓ, શો-પીસ, તોરણ, બીડ વર્કનું વેચાણ કરાશે. વિજ્ઞાન અને ટેકનોલોજીના સમયમાં હસ્તકલા અને હાથશાળની વિવિધ કળાઓ લુપ્ત ન થઈ જાય અને શહેરીજનો હસ્તકલા વિશે વધુ જાગૃત બને, કલાને જાણે અને માણે અને કલાકૃતિઓની ખરીદી કરે એવો શિલ્પગ્રામ મેળાનો હેતુ છે.

વર્ષ ૨૦૦૦થી સુરત મનપા યોજે છે પુસ્તક મેળો

સુરત શહેર માત્ર ઉદ્યોગ અને વ્યવસાય માટે જ નહીં, પરંતુ સાહિત્ય, સંસ્કૃતિ અને શિક્ષણ માટે પણ સમગ્ર દેશમાં આગવી ઓળખ ધરાવે છે. શહેરીજનોની વાંચનપ્રત્યેની લાગણી અને રસને ધ્યાનમાં લઈને સુરત મહાનગરપાલિકા દ્વારા સૌ પ્રથમવાર મે-૨૦૦૦માં રાષ્ટ્રીય પુસ્તક મેળો યોજવામાં આવ્યો હતો. જેની સફળતા બાદ શહેરીજનોની લાગણીઓ તેમજ ઉત્સાહને ધ્યાને લઈ પુસ્તક મેળાની સાથે હોર્ટીકલ્ચર ફેર અને ફ્લાવર શો તેમજ શિલ્પ મેળાનું આયોજન કરવામાં આવે છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આસામના કામરૂપમાં આસામ પોલીસની ૧૦ંર બટાલિયનના મુખ્યાલયનો શિલાન્યાસ કર્યો અને જનસભાને સંબોધિત કરી

અમારી સરકાર હેઠળ દેશ નક્સલવાદથી મુક્ત થઈ રહ્યો છે અને તેવી જ રીતે આસામ અને સમગ્ર રાષ્ટ્ર પણ ઘૂસણખોરોથી મુક્ત થશે

- વિપક્ષી પાર્ટીએ આસામમાં ત્રણેય— જાતિ (સમુદાય), માટી (જમીન) અને ભેતી (સાંસ્કૃતિક પાયો) ને નુકસાન પહોંચાડ્યું
- વિપક્ષી પાર્ટીએ લચિત બોર્ફુકનજીને જે સન્માન મળવું જોઈતું હતું તે ન આપ્યું, જ્યારે અમારી સરકાર હેઠળ હવે દેશનું દરેક બાળક લચિત બોર્ફુકનની બહાદુરીથી વાકેફ છે
- વિપક્ષી પાર્ટીએ ઉત્તર-પૂર્વને તેના નસીબ પર છોડી દીધું હતું જ્યારે અમારી સરકાર ઉત્તર-પૂર્વને પ્રાથમિકતા માને છે
- આગામી પાંચ વર્ષમાં, આસામ પૂર્વ ભારત અને સમગ્ર ઉત્તર-પૂર્વનું ઔદ્યોગિક હબ બનવા જઈ રહ્યું છે
- મોરાનમાં, જ્યાં એક સમયે રસ્તા બનાવવા પણ મુશ્કેલ હતા, ત્યાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ હાઇવે પર વાયુસેનાના વિમાનને ઉતારીને સમગ્ર વિશ્વને આશ્ચર્યચકિત કરી દીધું
- માત્ર અમારી પાર્ટી જ એવા આસામનું નિર્માણ કરી શકે છે જે ઘૂસણખોરોથી મુક્ત હોય, હિંસાથી મુક્ત હોય, બેરોજગારીથી મુક્ત હોય અને વિકાસ દ્વારા સંચાલિત હોય
- 'કચ્છ હોય કે ગુવાહાટી — આપણો દેશ, આપણી જમીન' ના સંકલ્પ સાથે, અમારી પાર્ટી દેશમાં અને આસામમાં વસ્તી વિષયક સંકટ સામે મક્કમતાથી ઊભી છે

કમલમ્,
કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે આસામના કામરૂપમાં આસામ પોલીસની ૧૦ંર બટાલિયનના મુખ્યાલયનો શિલાન્યાસ કર્યો અને જનસભાને સંબોધિત કરી હતી. આ પ્રસંગે આસામના રાજ્યપાલ શ્રી લક્ષ્મણ પ્રસાદ આચાર્ય, મુખ્યમંત્રી ડૉ. હિમંત બિસ્વા શર્મા, કેન્દ્રીય ગૃહ સચિવ અને અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પોતાના સંબોધનમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આસામનો દરેક ક્ષેત્રમાં વિકાસ કર્યો છે અને આગામી પાંચ વર્ષમાં આસામ પૂર્વીય અને ઉત્તર-પૂર્વીય ભારતનું ઔદ્યોગિક હબ બનશે. શ્રી અમિત શાહે કહ્યું કે વિપક્ષી પાર્ટીની સરકારના શાસન દરમિયાન ઘૂસણખોરોએ ૧૭૪ વીઘા જમીન પર કબજો જમાવ્યો હતો, જેને હવે આસામના વર્તમાન મુખ્યમંત્રી ડૉ. હિમંત બિસ્વા શર્માએ તેમના કબજામાંથી મુક્ત કરી દીધી છે અને આજનો કાર્યક્રમ તે જ જમીન પર યોજાઈ રહ્યો છે. તેમણે જણાવ્યું કે ઘૂસણખોરો દ્વારા કબજે કરાયેલી જમીન ગુવાહાટી, આસામ અને સમગ્ર દેશ માટે મોટો ખતરો બની ગઈ હતી. તેમણે ઉમેર્યું કે આ ઘૂસણખોરોની હાજરી આસામના વિકાસ માટે એક ગંભીર પડકાર હતો. કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું કે ૧૨૪ વીઘા વિસ્તારમાં ફેલાયેલા આ મુખ્યાલયમાં રહેણાંક અને ઓપરેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હશે, જેમાં ૭૫૦ પુરુષ અને ૪૫૦ મહિલા અધિકારીઓ માટે બેરેક હશે. આ ઉપરાંત ત્યાં આસામ પોલીસ માટે એક નાની હોસ્પિટલ, તાલીમ કેન્દ્ર, ફાયરિંગ રેન્જ, આધુનિક સર્વેલન્સ સેન્ટર અને મોટું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ પણ બનાવવામાં આવશે. તેમણે કહ્યું કે જે જગ્યાએથી એક સમયે સુરક્ષાના પડકારો ઉભા થયા હતા, ત્યાં જ હવે આસામ પોલીસની ૧૦ંર બટાલિયન — જે તે પડકારોને ખતમ કરશે — તેની સ્થાપના કરવામાં આવી રહી છે. શ્રી અમિત શાહે કહ્યું કે અગાઉની સરકારના કાર્યકાળ દરમિયાન ઘૂસણખોરોએ આ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો હતો અને આસામની વસ્તી વિષયક સ્થિતિને ખતરનાક સ્તરે ધકેલી દીધી હતી. તેમણે કહ્યું કે આસામના કેટલાક વિસ્તારો — જેમ કે ધુબરી, બરપેટા, મોરીગાંવ, દરંગ, બોંગાઈગાંવ અને નાગાંવ — ઘૂસણખોરોનું પ્રભુત્વ ધરાવતા બનવા પાછળ વિપક્ષી પાર્ટી સીધી રીતે જવાબદાર છે. શ્રી શાહે કહ્યું કે અમારી પાર્ટીની સરકાર વિપક્ષી પાર્ટી દ્વારા કરવામાં આવેલી ભૂલોના પરિણામોમાંથી આસામને મુક્ત કરવા માટે કામ કરશે. તેમણે કહ્યું કે ડૉ. હિમંત બિસ્વા શર્માએ ઘૂસણખોરો પાસેથી લગભગ ૧.૪૫ લાખ વીઘા જમીન મુક્ત કરાવી છે. તેમણે ઉમેર્યું કે હિમંત બિસ્વા શર્માજીએ આસામમાં ભ્રષ્ટાચાર વગર ૧.૪ લાખથી વધુ લોકોને સરકારી નોકરીઓ પૂરી પાડી છે. શ્રી શાહે કહ્યું કે જો આગામી પાંચ વર્ષમાં તેમની સરકાર ફરીથી બનશે, તો તેઓ દેશના દરેક ઘૂસણખોરની ઓળખ કરશે અને તેમને દેશનિકાલ કરશે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી પાસે દેશની જમીનને ઘૂસણખોરોથી મુક્ત કરવાની હિંમત, નિર્ધાર અને દ્રઢ સંકલ્પ છે. તેમણે જણાવ્યું કે ઘૂસણખોરોને હટાવવા માટે રાજ્ય સરકારનું સમર્થન અનિવાર્ય છે, જે જો વિપક્ષી પાર્ટી સત્તામાં આવશે તો ક્યારેય શક્ય બનશે નહીં. શ્રી શાહે આરોપ લગાવ્યો કે ઘૂસણખોરો વિપક્ષી પાર્ટી માટે વોટ બેંક બની ગયા છે. તેમણે ઉમેર્યું કે એકવાર અમારી પાર્ટીની સરકાર બનશે, તો આગામી પાંચ વર્ષમાં તેઓ ઘૂસણખોરોને માત્ર મતદાર યાદીમાંથી જ નહીં પરંતુ દેશમાંથી પણ બહાર કાઢશે. શ્રી અમિત શાહે કહ્યું કે ચૂંટણી પંચ SIR નું સંચાલન કરી રહ્યું છે કારણ કે આ પ્રક્રિયા ઘૂસણખોરોને ઓળખવામાં મદદ કરશે.

તેમણે જણાવ્યું કે વિપક્ષના નેતાએ તેની સામે આંદોલન શરૂ કર્યું છે. તેમણે કહ્યું કે દેશ ચોક્કસપણે ઘૂસણખોરોથી મુક્ત થશે. તેમણે કહ્યું, અમારી સરકાર હેઠળ દેશ નક્સલવાદથી મુક્ત થઈ રહ્યો છે અને તેવી જ રીતે આસામ અને સમગ્ર રાષ્ટ્ર પણ ઘૂસણખોરોથી મુક્ત થશે. તેમણે કહ્યું કે ઘૂસણખોરોને પ્રવેશવા દઈને વિપક્ષી પાર્ટીએ આસામની ફળદ્રુપ જમીન તેમને સોંપી દીધી હતી, જેનાથી આસામી સમુદાયની ઓળખને નુકસાન થયું અને તેના સાંસ્કૃતિક વારસાને પણ જોખમમાં મૂક્યો. શ્રી શાહે જણાવ્યું કે વિપક્ષી પાર્ટીએ ત્રણેય — જાતિ (સમુદાય), માટી (જમીન) અને ભેતી (સાંસ્કૃતિક પાયો) ને નુકસાન પહોંચાડ્યું છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રીએ કહ્યું કે વિપક્ષી પાર્ટીના દાયકાઓના શાસન દરમિયાન લચિત બોર્ફુકન મોટે ભાગે અજાણ્યા હતા, પરંતુ આજે ગુજરાતથી કામાખ્યા અને કાશ્મીરથી કન્યાકુમારી સુધીનું દરેક બાળક બહાદુર લચિત બોર્ફુકનને જાણે છે, અને આ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા શક્ય બન્યું છે. તેમણે કહ્યું કે મોદી સરકારે આસામની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે કામ કર્યું છે અને આસામના લોકોને પદ્મ પુરસ્કારોથી સન્માનિત કર્યા છે. તેમણે ઉમેર્યું કે તે અમારી પાર્ટીની સરકાર જ હતી જેણે ડૉ. ભૂપેન હજારિકા અને ગોપીનાથજીને ભારત રત્ન એનાયત કર્યો હતો. શ્રી અમિત શાહે કહ્યું કે અમારી પાર્ટીના નેતૃત્વ હેઠળની આસામ સરકારે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા સુધારવા માટે છેલ્લા ૧૦ વર્ષમાં વ્યાપક કામગીરી કરી છે. તેમણે કહ્યું કે વિપક્ષી પાર્ટીએ હંમેશા ઉત્તર-પૂર્વને તેના નસીબ પર છોડી દીધું હતું. તેમણે ઉમેર્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ છેલ્લા ૧૧ વર્ષમાં ૮૦ વખત ઉત્તર-પૂર્વની મુલાકાત લીધી છે, જે દર્શાવે છે કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને તેમની સરકાર માટે ઉત્તર-પૂર્વ એક પ્રાથમિકતા છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રીએ કહ્યું કે સરકારે આસામના વિકાસ માટે અનેક પગલાં લીધાં છે. તેમણે જણાવ્યું કે લાખો મહિલાઓને સ્વસહાય જૂથો સાથે જોડવામાં આવી છે, ૨.૫ લાખ ભૂમિહીન સ્વદેશી લોકોને જમીનના અધિકારો આપવામાં આવ્યા છે અને ચાના બગીચાના કામદારો માટે વિશેષ યોજનાઓ રજૂ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે ૧૪ ફેબ્રુઆરીએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ રાજ્યના હાઈવે પર વાયુસેનાના વિમાનને ઉતારીને સાબિત કર્યું કે આસામ બદલાઈ રહ્યું છે. શ્રી અમિત શાહે કહ્યું કે ૧૯૮૩ નો IMDT એક્ટ આસામમાં વિપક્ષી પાર્ટી દ્વારા માત્ર ઘૂસણખોરોને સુવિધા આપવાના ઉદ્દેશ્યથી પસાર કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું કે જ્યાં સુધી આસામની જમીન ઘૂસણખોરોથી મુક્ત નહીં થાય ત્યાં સુધી રાજ્ય સુરક્ષિત રહી શકશે નહીં અને તેની સંસ્કૃતિ, ભાષા અને સાહિત્યનું પણ રક્ષણ થઈ શકશે નહી. તેમણે આરોપ લગાવ્યો કે વિપક્ષી પાર્ટીએ આસામના હિતો, સંસ્કૃતિ કે વિકાસ માટે કંઈ કર્યું નથી. શ્રી શાહે કહ્યું કે આસામમાં ૨૭,૦૦૦ કરોડનો સેમિકન્ડક્ટર પ્લાન્ટ આવી રહ્યો છે. તેમણે ઉમેર્યું કે આસામના બાળકો અને યુવાનો માટે નવા અભ્યાસક્રમો બનાવવામાં આવી રહ્યા છે, શિક્ષણ ક્ષેત્રે પરિવર્તનકારી ફેરફારો થઈ રહ્યા છે અને આસામ સરકારે રોજગાર પેદા કરવા માટે અનેક યોજનાઓ શરૂ કરી છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે ઉગ્રવાદ, ગરીબી અને બેરોજગારીથી મુક્ત — અને વિકાસશીલ તથા પૂરમુક્ત — આસામ બનાવવા માટે અમારી પાર્ટીની સરકાર ફરીથી બનવી જોઈએ.

મહેસાણા જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

બેઠકમાં રજૂ થયેલા વિવિધ પ્રશ્નો અંગે કલેક્ટરશ્રી એસ.કે. પ્રજાપતિએ સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનો આપ્યા

કમલમ્, મહેસાણા
મહેસાણા જિલ્લા કલેક્ટરશ્રી એસ.કે. પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેક્ટરશ્રીએ સંકલન સમિતિની બેઠકમાં રજૂ થયેલા વિવિધ પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ લાવવા સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત જિલ્લા સંકલન તેમજ ફરિયાદ સમિતિની બેઠકમાં પદાધિકારીશ્રીઓ તરફથી રજુ થયેલા પ્રશ્નોની સમીક્ષા કરતા કલેક્ટરશ્રી દ્વારા જનપ્રતિનિધિઓના પ્રશ્નો પરત્વે વિશેષ લક્ષ કેન્દ્રિત કરી, સમય મર્યાદામાં તે પ્રશ્નોનો નિકાલ લાવવા ઉપસ્થિત અધિકારીઓને તાકીદ કરી હતી. આ બેઠકમાં લોકસભા સાંસદ શ્રી હરિભાઈ પટેલે ઉનાળાના સમયમાં પીવાના પાણીનું અગાઉથી આયોજન, તળાવો ભરવા માટેની લિફ્ટ યોજના, વી.બી.જી.રામજી યોજના હેઠળ શ્રમિકોને વધારે રોજગારી, પાણીના આવરા ખુલ્લા કરાવવા તેમજ વહોળાની સફાઈ કરાવવી, જમીન માપણીની સમસ્યા દૂર કરાવવા, મહેસાણામાં ટ્રાફિકની સમસ્યા દૂર કરવા યોગ્ય પગલાં લેવા, વિકાસના થયેલા કામોની યાદી, તળાવો, વહેળાઓ અને રોડ પરના બાવળ કટિંગનું આગોતરું આયોજન કરવા, શહેરમાં, ગ્રામ્ય તેમજ હાઈવે પર હોટલો જોડે કચરો અને પ્લાસ્ટિકના ઢગ અને ગંદકી દૂર કરવાં તેમજ શહેરમાં વધુ સ્પીડ વાળા વાહનો પર નિયંત્રણ સહિતની બાબતો અંગે રજૂઆત કરી હતી. આ બેઠકમાં રાજ્યસભા સાંસદ શ્રી મયંકભાઈ નાયકે મહેસાણા જિલ્લાના વૃદ્ધ સહાય યોજના અને ગંગાસ્વરૂપા સહાય યોજનાના લાભાર્થીઓને લાભ મળી રહે તે માટે વિશેષ ઝુંબેશનું આયોજન કરવામાં આવે તેમ જણાવ્યું હતું આ ઉપરાંત જિલ્લામાં ચાલતા પ્રજાલક્ષી કામો ઝડપથી પૂર્ણ થાય તે દિશામાં કામગીરી હાથ ધરવા પણ જણાવ્યું હતું. આ બેઠકમાં ધારાસભ્યશ્રીઓ દ્વારા દેરોલ બ્રીજ પર મીની એસટી બસની વ્યવસ્થા શરૂ કરવા, તળાવો નીમ કરવાની દરખાસ્તો, પરપ્રાંતીય લોકોના ભાડા કરાર, રાહત ગાળાના પ્લોટ ફાળવવા અને જમીન માપણી સહિતના પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. જિલ્લા કલેકટરશ્રીએ સંબંધિત અધિકારીઓને પદાધિકારીશ્રીઓ દ્વારા રજૂ કરવામાં આવેલ પ્રશ્નોના નિકાલ માટે સૂચના આપી હતી. આ બેઠકમાં માર્ગ સલામતી માસ અભિયાન અંગે પ્રેઝન્ટેશન દ્વારા જાણકારી આપવામાં આવી હતી ઉપરાંત માર્ગ અને મકાન વિભાગ પંચાયત, માર્ગ અને મકાન વિભાગ રાજ્ય, સ્ટેટ રોડ પ્રોજેક્ટ વિભાગ દ્વારા જિલ્લામાં ચાલતા વિવિધ પ્રોજેક્ટ /વિકાસકામ અંગે પ્રેઝન્ટેશન દ્વારા જાણકારી આપવામાં આવી હતી. આ ઉપરાંત સંકલન ભાગ ૨માં જિલ્લા કલેકટરશ્રીએ અરજદારોના પ્રશ્નોને હકારાત્મક રીતે નિવારણ કરવા માટે પણ અધિકારીને સૂચિત કર્યા હતા. આ બેઠકમાં નાગરિક અધિકાર પત્રો, ખાતાકીય તપાસના કેસો, તકેદારી આયોગ તરફથી મળેલ અરજીઓ, સરકારી નાણાંની વસૂલાત, બાકી ઓડીટ પેરા, પડતર કાગળોની સ્થિતિ, પેન્શનના કેસો સહિત વિવિધ બાબતો અંગે ચર્ચા કરી હતી. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી તૃષાબેન પટેલ, પાટણ લોકસભા સાંસદ શ્રી ભરતસિંહ ડાભી, ધારાસભ્ય સર્વે શ્રી મુકેશભાઈ પટેલ, શ્રી કિરીટભાઈ પટેલ, શ્રી સી.જે. ચાવડા, શ્રી સુખાજી ઠાકોર, શ્રી સરદારભાઈ ચૌધરી, મ્યુનિસિપલ કમિશનર શ્રી રવિન્દ્ર ખતાલે, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી હિમાંશુ સોલંકી, નિવાસી અધિક કલેક્ટરશ્રી જે.કે. જેગોડા, જિલ્લાના અધિકારીઓ, પ્રાંત અધિકારીશ્રીઓ સહિત વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028